સુવિચાર

''આવનારા સમયમાં એમ પણ બની શકે કે, માણસ મશીન બની જાય ને મશીન માણસ.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૨/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૭ વર્ષ : ૧૭ અંક : ૦૪૮


## ટ્રાફિક અને વેપારથી ધમધમતા વિસ્તારમાં ગંધાતા પાણીથી નારાજગીનો માહોલ

# અમરેલીનાં જિલ્લા પંચાયત માર્ગમાં શિયાળે ચોમાસાનો માહોલ

### જનતા જનાર્દનનાં પૈસાથી માર્ગો બને કે મકાનો, ભૂગર્ભ ગટર બને કે સ્ટ્રીટલાઈટ લાગે બધામાં દે ધનાધન

### ભૂગર્ભ ગટરનાં ઢાંકણાથી લઈને પાણીનાં નિકાલની યોગ્ય વ્યવસ્થાને અભાવે જનતા પરેશાન

### શહેરીજનો એક સમસ્યાથી પીડિત હોય ત્યાં બીજી સમસ્યા આંગણે આવી જાય

### શાસકો માત્ર વિકાસની બેઠકો અને ભાષણો કરીને સંતોષ માની રહ્યા છે

અમરેલી, તા. ૭

અમરેલી શહેરની દોઢ લાખની જનસંખ્યાની કઠણાઈ તો જુઓ રખડુ શ્વાન, ગૌવંશ, આડેધડ બનતા માર્ગો, વિકરાળ ટ્રાફિક સમસ્યા, જાહેર માર્ગો પર દબાણ જેવી એકાદ ડઝન સમસ્યાથી પીડિત હોય તેવા સમયે ટ્રાફિક અને વેપારથી ધમધમતા જિલ્લા પંચાયત માર્ગ ઉપર ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી ફરી વળતાં શહેરીજનોને વધુ એક સમસ્યાનો સામનો કરવો પડે રહ્યો છે.

અમરેલીનાં નાગનાથ ચોકથી એસ.ટી. બસ પોર્ટ તરફ જતાં અતિ મહત્વનાં માર્ગ ઉપર જિલ્લા પંચાયત, સિંચાઈ જેવી મહત્વની સરકારી કચેરીઓ હોય, પદાધિકારીઓ અને અધિકારીઓની અવરજવર હોવા છતાં પણ ભૂગર્ભ ગટરનાં તૂટેલા ઢાંકણા, માર્ગમાં ખાડા જેવી સમસ્યા વચ્ચે આજે ગટરનાં ગંધાતા પાણી ફરી વળતા માર્ગ ઉપરથી પસાર થતાં શહેરીજનો, વેપારીઓ સહિત સૌ તોબા પોકારી ચુકયા છે.

આ અંગે સ્થાનિક વેપારીઓએ કહ્યું કે દર અઠવાડીયે ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળે છે. પાલિકામાં અવારનવાર રજૂઆત કરવામાં આવી છતાં પણ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવતુ નથી. પાલિકા માત્ર ગટર મરામતનો વેરો દર વર્ષે ઉઘરાવીને સંતોષ માની રહી છે.























## ભ્રષ્ટાચારી નેતાઓ અને અધિકારીઓને ત્યાં ED, IT, CBIની રેડ કેમ પડતી નથી ?

# એક એન્જિન મોંઘવારી વધારે બીજુ એન્જિન ભ્રષ્ટાચાર કરે

રોજગાર અધિકારનાં કાયદાને નબળો પાડવાના અને મહાત્મા ગાંધીનું નામ હટાવવાનો કોંગ્રેસ વિરોધ કરશે

૩ દાયકાનાં શાસન પછી પણ આદિવાસી વિસ્તારોમાં લોકો ગુણવત્તાયુકત શિક્ષણ, આરોગ્ય સહિતની સુવિધાથી વંચિત

પાર–તાપી–નર્મદા રિવર લિંક પ્રોજેકટ મુદ્દે કેન્દ્ર અને રાજય સરકાર શ્વેતપત્ર બહાર પાડે

આદિવાસી વિસ્તારોમાં વર્ષોથી પાકા રસ્તાઓ, પુલની માંગ છતાં ભાજપ સરકાર મંજૂર કરતી નથી



અમદાવાદ, તા. ૭

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના ૩જા ફેજના ૫માં દિવસે દક્ષિણ ગુજરાતના ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ઉચ્છલથી પ્રસ્થાન કરીને, સોનગઢ, વ્યારા, કાનપૂરા, બેડચીત, ડોલવણ, વલવાડા, કરચેલીયા, મહુવા અને બારડોલી પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં પાંચમાં દિવસે તાપી અને સુરત જિલ્લામાં ઠેર ઠેર ઉમળકાભેર આદિવાસી સંસ્કૃતિના તાલે નૃત્ય કરીને બધાએ દિલના ઉમળકાથી યાત્રાનું સ્વાગત કર્યું હતું અને યાત્રાને સ્થાનિકલોકોએ સમર્થન કર્યું હતું. લોકોએ યાત્રામાં આવીને અનેક પ્રશ્નો રજૂ કર્યા હતા. લોકોએ રજૂઆત કરી તે પ્રમાણે રોજગારી માટે યુવાનો મજૂરી કરવા અન્ય જીલ્લામાં જવા મજબૂર થયા, હોસ્પિટલમાં ડોકટર અને સ્ટાફની અછત, શિક્ષણની સુવિધાઓનો અભાવ, નદિમાં પૂર આવવાથી ખેડુતોના પાકને નુકસાન, રસ્તાઓની હાલત ખરાબ હોવાથી શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં મુશ્કેલી, વરસાદ આધારિત ખેતી વધારે હોવાથી ઉનાળામાં પાણીની તંગી જેવી સમસ્યાઓની રજૂઆત કરી હતી. જન આક્રોશ યાત્રામાં લોકો સાથે ચર્ચા અને સંવાદ કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની ખરાબ હાલત, શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં પડતી મુશ્કેલી, વરસાદ આધારિત ખેતીમાં ઉનાળામાં પાણીની તંગી અને સિંચાઈ સુવિધાઓના અભાવ, આદિવાસી સમાજ પાસેથી જળ, જંગલ અને જમીન છીનવી લેવાના આક્ષેપ સાથે ભાજપ સરકાર પર પ્રહાર કર્યા હતા.

વધુમાં જણાવ્યું કે, રોજગાર અધિકારના કાયદાને નબળો પાડવાના અને મહાત્મા ગાંધીજીનું નામ હટાવવાના પ્રયાસો સામે કોંગ્રેસ સખત વિરોધ નોંધાવે છે. મનરેગા માત્ર યોજના નથી, પરંતુ ગામડાના ગરીબ, મજૂર અને આદિવાસી પરિવારો માટે રોજગાર અને આત્મ સન્માનની ગેરંટી છે. ભાજપ સરકાર જાણી જોઈને બજેટમાં કપાત, કામના દિવસોમાં ઘટાડો અને ચુકવણીમાં વિલંબ કરીને આ કાયદાને ખોખલો બનાવી દિધો છે. આ મારી સંકલ્પ છે કે મનરેગા બચાવવાની આ લડાઈ હવે રસ્તા પરથી ગામે ગામ, ઘરે ઘર લોકોની વચ્ચે લઈ જઈશું અને રોજગારના અધિકાર પર કોઈપણ હુમલો થવા નહીં દઈએ.

વધુમાં મીડિયાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, તાપી જિલ્લાના સોનગઢમાં આરોગ્યની સુવિધાનો અભાવ છે, હોસ્પિટલમાં ડોકટર નથી, સ્ટાફ નથી, રસ્તાઓની હાલત ખૂબ ખરાબ છે. ભાજપની ભ્રષ્ટનીતિના કારણે લોકો હેરાન થઈ રહ્યા છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાનાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના નેતાઓએ નલ સે જલ યોજનાને નળ સે ધન યોજના બનાવી દીધી છે જેથી ગુજરાતમાં એક એક ઘેર જઈ લોકોનો અવાજ બુલંદ કરી ૨૦૨૭માં પરિવર્તન લાવીશું.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની હાલત ખરાબ હોવાના કારણે શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઘણા ગામોમાં રસ્તાઓ કાચા, તૂટેલા તથા ખાડા વાળા છે. ખાસ કરીને વરસાદી ઋતુમાં અવર જવર લગભગ અશકય બની જાય છે. પરિણામે બાળકો નિયમિત રીતે શાળાએ હાજર રહી શકતા નથી અને તેમના શિક્ષણ પર નકારાત્મક અસર પડે છે તેમજ બીમારી કે ઈમરજન્સી સમયે દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવી મુશ્કેલ બને છે, જેના કારણે આરોગ્ય સંબંધિત જોખમો વધે છે. આ પ્રકારની માર્ગ સુવિધાની અછત ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસમાં મોટી અડચણરૂપ બની રહે છે. દક્ષિણ ગુજરાતના ખાસ તાપી જીલ્લામાં વરસાદ આધારિત ખેતી વધુ હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળ ાની ઋતુમાં પાણીની ગંભીર તંગી સર્જાય છે અને સિંચાઈ સુવિધાઓ અપૂરતી હોવાથી ખેડૂતો શિયાળું પાક લઈ શકતા નથી, વરસાદ ઓછો પડે ત્યારે ખેતીને મોટું નુકસાન થાય છે અને ખેડૂતોની આવક પર સીધી અસર પડે છે. ઉનાળ ામાં નદીઓ, તળાવો અને કૂવામાં પાણી સુકાઈ જવાથી ખેતી માટે પૂરતું પાણી મળતું નથી, જેના કારણે પાકો બળી જાય છે અથવા ઉત્પાદન ઓછું ઉતરે છે. યોગ્ય સિંચાઈ વ્યવસ્થાઓના અભાવે ખેડૂતો સંપૂર્ણ રીતે વરસાદ પર નિર્ભર રહેવા મજબૂર બને છે, જે કૃષિ વિકાસ અને ગ્રામ્ય અર્થતંત્ર માટે મોટી સમસ્યા બની રહે છે.

વધુમાં આગામી ચુંટણીને અનુલક્ષીને આત્મ વિાસ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઘરે ઘરે જઈને કોંગ્રેસ પક્ષ લોકોનો અવાજ બુલંદ કરી ૨૦૨૭માં પરિવર્તન લાવવાનો સંકલ્પ કર્યો છે. રાજયની જનતા મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત સમસ્યાઓથી પરેશાન છે અને હવે બદલાવ ઈચ્છે છે. લોકો સાથે સીધો સંવાદ સાધીને તેમની વેદના અને અપેક્ષાઓને સમજી, જનતાનાં અવાજને મજબૂત કરવામાં આવશે. દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજની સમસ્યાઓ મુદ્દે તેમણે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ પાસેથી જળ, જંગલ અને જમીન છીનવવાનો ભાજપ સરકાર પ્રયાસ કરી રહી છે, વિકાસના નામે મોટા ઉદ્યોગો, પ્રોજેકટસ માટે આદિવાસીઓની પરંપરાગત જમીન અને જંગલ પર કબજો કરવામાં આવે છે, જેના કારણે તેમના પરંપરાગત જીવન પર સીધી અસર પડે છે. વન અધિકાર કાયદા અને બંધારણીય સુરક્ષાઓનો યોગ્ય અમલ ન થવાથી આદિવાસી સમાજ પોતાના મૂળભૂત હકોમાંથી વંચિત થતો જાય છે. જળ, જંગલ અને જમીનથી વિમુખ થવાથી તેમની રોજગારી, સંસ્કૃતિ અને અસ્તિત્વ પર જોખમમાં મુકાઈ રહ્યાં છે.

ED, IT અને CBI જેવી તપાસ એજન્સીઓનો હેતુ ભ્રષ્ટાચાર સામે નિષ્પક્ષ અને નિર્ભય કાર્યવાહી કરવાનો છે, પરંતુ ભાજપના રાજમાં સરકારના દબાણ હેઠળ કામ કરી રહી છે. સત્તામાં બેઠેલા લોકો સામે કોઈ તપાસ થતી નથી. જયારે વિરોધ પક્ષ સામે ખોટી રીતે કાર્યવાહી થાય છે. આ પરિસ્થિતિથી એ સ્પષ્ટ થાય છે કે એજન્સીઓનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે થઈ રહ્યો છે.

દિવસે દિવસે વધતી મોંઘવારીને ટાંકીને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ સરકાર પર આક્ષેપ કર્યા હતા કે ભાજપની કહેવાતી ડબલ એન્જિનની સરકારમાં એક એન્જિન મોંઘવારી વધારવાનું કામ કરી રહ્યું છે જયારે બીજું એન્જિન ભ્રષ્ટાચાર કરી રહ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા હોવાથી સામાન્ય માણસનું જીવન મુશ્કેલ બન્યું છે, તો બીજી તરફ વિકાસ યોજનાઓમાં ભ્રષ્ટાચારના કારણે જનતા ભાજપના શાસનથી ત્રસ્ત છે. પરિણામે ડબલ એન્જિનના નામે સુશાસન આપવાનો ભાજપના દાવાઓ ખોખલા સાબિત થઈ રહ્યા છે અને જનતા પર આર્થિક તથા નૈતિક બોજ વધતો જઈ રહ્યો છે.

યાત્રાના ૫માં દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ પ્રભારી બી.વી. શ્રીનીવાસ જી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષારભાઈ ચૌધરી, ગુજરાત યુવક કોંગ્રેસના અધ્યક્ષ પ્રવીણ વણોલ, ગુજરાત આદિવાસી વિભાગના પ્રમુખ રાજેન્દ્ર પારઘી, પૂર્વ ધારાસભ્ય પુનાજી ગામીત, સુનિલભાઈ ગામીત, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વૈભવ ગામીત, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા સિધ્ધાર્થ ચૌધરી સહિત જીલ્લા/તાલુકાના પદાધિકારી અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

### એડવોકેટ આર.એમ. ખીમસુરિયાની દલીલો સફળ

## અમરેલીમાં ૯ મહિના પહેલા થયેલ હત્યાની કોશિષનાં આરોપી નિર્દોષ

### સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપી નિર્દોષ જાહેર

અમરેલી, તા. ૭

અમરેલીમાં વર્ષ ૨૦૨૫માં થયેલ જીવલેણ હુમલા અને ખૂનની કોશિષનાં કેસમાં બીએનએસની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), (કલમ–૩૦૭)નાં ગંભીર ગુનામાં અમરેલીનાં સેશન્સ જજે ચુકાદો આપતા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ કામની હકીકત એવી છે કે આ કેસના આરોપીએ ફરિયાદીને તા. ૧૦/૫/૨૦૨૫ નાં રોજ બોલાચાલી કરી આરોપી અલ્પેશભાઈ લાખાભાઈ મેસુરીયા રે. અમરેલીવાળાએ લોખંડની કોશ લઈ ફરિયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે મારી મરણતોલ ઈજા કરી, આ ઝઘડામાં ફરિયાદીના બહેન વચ્ચે પડતા તેમને પણ હાથમાં ઈજા કરી, અધિક જિલ્લા



મેજી. સાહેબ અમરેલીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા જે સંબંધેની ફરિયાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશાનમાં નોંધાઈ હતી. જે કેસ કોર્ટમાં ચાલી જતા બચાવપક્ષે વકીલએ એવી દલીલો કરેલ છે કે ફરિયાદીનો પુરાવો વિશ્વાસનીય નથી તથા ફરિયાદ પક્ષે રજુ થયેલ પંચનામાના ફરિયાદ પક્ષે પુરવાર થયેલ નથી અને આરોપીઓની ગુનાહિત કૃત્યમાં સંડોવણી હોવા અંગે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પુરાવો રજુ થતો નથી. ફરિયાદીએ તેમની ફરિયાદ હકીકત તથા શરતપાસમાં વિરોધાભાષી હકીકતો જણાવેલ છે તેમજ ફરિયાદીએ તેમની ફરિયાદ હકીકતમાં તેમજ તેમની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે કેસથી વિપરીત હોય અને ફરિયાદી અને તેમની બહેનનો પુરાવો વિરોધાભાસી હોય તેમજ સ્વતંત્ર સાહેદોનું લેશમાત્ર સમર્થન નથી. આમ ફરિયાદ પક્ષનાં કહેવા મુજબનો ખરેખર બનાવ બનેલ છે કે કેમ ? તે શંકા ઉપજાવે છે. જેમાં આરોપીને શંકાનો લાભ આપી, તમામ કલમોમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ મહે. સેશન્સ જજ સાહેબ ધ્વારા કરવામાં આવેલ. આરોપી પક્ષે સિનીય વકીલ આર.એસ. ખીમસુરિયા રોકાયેલ હતા.

## સોનારીયા ગામની તરૂણીનું અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૭

મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના તરકતળાવ ગામે રહેતાં અંતિમ સુડીયા બધેલ નામનો આરોપી ગત તા. ૨૩/૧૨ ના રાત્રીના ૧૧ થી તા. ૨૪/૧૨ ના આશરે સવારે ૫ વાગ્યા દરમ્યાન સોનારીયા ગામેથી એક ૧૬ વર્ષની તરૂણીને લલચાવી ફોસલાવી અને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે તેણીના પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલીનાં ફતેપુરમાં પૂ. ભોજાબાપા મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિ



અમરેલી, તા. ૭

ભોજલધામ–ફતેપુર ખાતે આયોજીત ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સભાગી થતાં રાષ્ટ્રિય સહકારીઅગ્રણી, ઈફકોચેરમેનદિલીપ સંઘાણીએજણાવ્યુહતું. વધુમાંજણાવેલ કેઅમરેલીનેસમર્થસંત (ભોજાભગત) અને સમર્થ શિષ્ય (જલારામબાપા)ના આશિર્વાદ મળ્યા છે.

ભોજલધામ–ફતેપુર ખાતે તેઓએ ગાદિપતિ મહંત ભકિતરામબાપુના આશિર્વાદ મેળવી સૌની મંગલકામના વ્યકત કરી હતી. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## અમરેલી : ગજેરા કેમ્પસ વિધાસભાનાં વિધાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણ પદક મેળવી ગૌરવ વધાર્યુ





અમરેલી, તા. ૭

અમરેલી ઓલ ઈન્ડિયન સ્કૂલ હેન્ડબોલ અંડર–૧૯ ભાઈઓ નેશનલ કક્ષા સ્પર્ધાનું આયોજન સોમનાથ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના અલગ–અલગ રાજયોની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિધાસભાના ડીએલએસએસ ખેલાડીઓએ ગુજરાત રાજય તરફથી ટીમમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગુજરાતની અંડર–૧૯ ભાઈઓ હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી રાજયનું ગૌરવ વધાર્યુ છે. જેમાં આ સંસ્થાના (૧) સોલંકી વિજય, (૨) વસુ ઉસડ અને (૩) નૈતિક બાંભરોલીયા ગજેરા કેમ્પસ વિધાસભા સ્કૂલના ડીએલએસએસ ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિધાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. ગુજરાતની ટીમમાં ગજેરા કેમ્પસના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી થવી એ સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. યોધ્ધાઓએ નેશનલ કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય અને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કર્યુ છે. આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર નેશનલ કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# જીન કે અપને ઘર શિશે કે હોતે હૈ.. વો દૂસરો પર પથ્થર નહી ફેકા કરતે વક્ત સે દિન ઓર રાત... વક્ત સે કલ ઓર આજ, વક્ત કી હર... ગુલામ આગે ભી જાને ના તું, પીછે ભી જાને ના તું, જો ભી હૈ, બસ યહી એક..

**ફિલ્મી સફર** (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ .. ૨૭૧, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૫ના ફિલ્મી સફરમાં આજે આપણે વર્ષની અંતિમ અને પ્રથમ નંબરની સુપર હિટ ફિલ્મની વાત કરીશું. સમય સમય હૈ બલવાન, કાબે અર્જુન લૂટિયો વહી ધનુષ વહી બાણ. જીવનમાં સમય નું ખૂબ જ મહત્વ છે. મોટા ભાગના મનુષ્ય ૫૦ વર્ષ બાદ નિરાંતની પળોની રાહ જોતા હોય છે, ત્યારે આપણાં વડા પ્રધાન જે પેહલા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે ૫૧ વર્ષના હતા,અને વડા પ્રધાન બન્યા ત્યારે ૬૩ વર્ષના હતા. કેહવાનું એ છે કે, સમય જયારે માણસનો જાગૃત થાય ત્યારે તેને સફળતા મળે છે. અભિમાનએ સમયનો મોટો દુશ્મન છે, કોઈ વ્યક્તિ અભિમાન કરે કે હું જે ધારૂ તે કરી જ શકું, તો સમય તેમાં અવરોધ જરૂર લાવી શકે તેમાં બે મત નથી. આવી કહાની લઈ બી.આર.ચોપરા અને યશ ચોપરા ફિલ્મ લઈ આવ્યા. જે વર્ષની પ્રથમ નંબરની સફળ ફિલ્મ રહી. ફિલ્મનું બજેટ ૬૫ લાખ અને નફો ૩ કરોડ થયો. ફિલ્મનું નામ છે વક્ત.

૧૯૪૩માં અશોક કુમારે ફિલ્મ કિસ્મત દ્વારા એક નવો પ્રયોગ હિન્દી સિનેમામાં કર્યો, બચપણમાં ભાઈઓ અલગ થાય અને યુવાનીમાં મળે, તે સમયે એવું લાગતું હતું કે આ કથા કોઈ દર્શકોને પસંદ નહીં પડે, પણ કિસ્મત સુપર હિટ રહી, ત્યારબાદ હિન્દી સિનેમામાં અમુક ફિલ્મોમાં આવી કથાઓ આવતી રહી,પણ આ કથા ને લઈ બીજી સુપર હિટ ફિલ્મના આવી. બી.આર.ચોપરા નિર્મિત અને યશ ચોપરા નિર્દેશિત વક્ત ફિલ્મએ હિન્દી સિનેમા માં આવી




કથાને લગતી ફિલ્મોના પાયા ના પથ્થર સાબિત થઈ. આ ફિલ્મની જબરજસ્ત સફળતા બાદ હિન્દી સિનેમા માં આ કથા પરથી ઘણી ફિલ્મો બનવા ની છે, જેમાંની અમુક સુપર હિટ પણ રેહશે. પેહલી મલ્ટી સ્ટાર ફિલ્મ પણ વક્ત જ કહી શકાય.હિન્દી સિનેમા માં એક સાથે ત્રણ હીરો અને ઘણા કલાકારો સાથેની કોઈ ફિલ્મ આવી ના હતી. કે સફળ થઈ ના હતી.બી. આર.ના નિર્માણમાં આ તેમની પ્રથમ રંગીન ફિલ્મ હતી.

યશ ચોપરાએ બી.આર.ચોપરાના ભાઈ છે, આ પેહલા ધુલ કા ફૂલ અને ધર્મ પુત્ર ફિલ્મનું નિર્દેશન કરેલ હતું. ધુલ કા ફૂલ સફળ રહી, પણ ધર્મ પુત્ર વિવેચકો એ ખૂબ વખાણી પણ સફળ ના રહી. યશ થોડા હીમત હારી ગયા હતા. પણ દિલિપ કુમારે તેમનેસાચી સલાહ આપી અને ફિલ્મોનું નિર્દેશન ચાલુ રાખવા કહ્યું. તે સમયે લેખક અખ્તર ઉલ મિર્ઝા બી આર ચોપરા પાસે એક કથા લઈ આવ્યા.જે આજ સુધીની ફિલ્મો કરતાં અલગ હતી. બી આર અને યશને વાર્તા પસંદ પડી, બી આર આ ફિલ્મ માટે પૃથ્વી રાજને પિતાના પાત્રમાં અને ત્રણ ભાઈઓ માટે રાજ, શમ્મી અને શશિને લઈ ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું. પણ તેમના મિત્ર બિમલ રોયે (તે સમયે હિન્દી સિનેમામાં મિત્રતાનો સંબંધ જાળવી રાખવામાં આવતો હતો, બે નામી નિર્માતા કે નિર્દેશક કે કલાકાર તેના સાથી મિત્રની સલાહ લઈ શકતા હતા.),તેમને સલાહ આપી કે, કપૂર કુટુંબના ભાઈઓને અલગ થતાં અને ફિલ્મમાં તેઓ એકબીજાને ઓળખી ના શકે તે વાત દર્શકોને પસંદ પડશે નહીં, તેથી બીજા કલાકાર લઈ ફિલ્મબનાવો. કહાની સારી છે. બી.આર અને યશને તેમની સલાહ સાચી લાગી. યશને શશિ સાથે મિત્રતા થઈ ગઈ હતી તો એક પાત્ર એટલે કે સૌથી નાના ભાઈ માટે શશિ નિશ્ચિત કરાયા. શશિએ તે સમયે હોલીવુડ અભિનેત્રી જેનિફર સાથે લગ્ન કરી લીધા હતા, અને તેના લીધે કપૂર પરિવારે તેમનો વિરોધ કર્યો હતો, શશિ જેનિફર ને લઈ અલગ રેહવા જતાં રહ્યા હતા. પણ કારકિર્દી ડામાડોળ હતી, રૂપિયાની સખત જરૂર હતી, અને યશે તે સમયે શશિને આ ભૂમિકા આપી મદદ કરી હતી.શશિ પર તે સમયે ફલોપ સ્ટારનું લેબલ લાગી ગયું હતું. પણ ૧૯૬૫ તેમના માટે સફળ તાના દ્વાર ખોલી ગયું. વર્ષની પ્રથમ અનેદ્વિતીય ફિલ્મ તેમના ફાળે આવી. યશ આ રંગીન ફિલ્મમાં આઉટ ડોર શૂટિંગ, અને ફિલ્મના સેટ કઈક અલગ કરવા માંગતા હતા. તેમણે જાતે જ ફોટો ગ્રાફી, કોસ્ચ્યુમ, અને સેટ પર વધુ ધ્યાન આપ્યું. તે માટે એક ઈંટિયર ડિજા ઈનરનો સંપર્ક કરવામાં આવ્યો, અને તેમની સલાહ મુજબ ફિલ્મના સેટમાં બંગલા અને અન્ય સેટ સજાવવામાં આવ્યા. કોસ્ચ્યુમ માટે તે સમયના મેકઅપ નિર્દેશક ભાનુ આથીયાને સાથે રાખી સાધના માટેના કોસ્ચ્યુમ, ડ્રેસ તૈયાર કરાયા. સાધના તે સમયે સૌથી વધુ ખૂબ સૂરત અભિનેત્રી ગણાતા હતા. તેમની હેર સ્ટાઈલ તે સમયે અને આજે પણ પ્રચલિત છે. વક્ત માટે સાધના માટે કુરતી, પાયજામા ડ્રેસ અને ખાસ ચૂડીદાર ડ્રેસ તૈયાર કર્યા. અને તે ડ્રેસની ફેસન ચાલી. અને આજે પણ ચૂડીદાર ડ્રેસ યુવતી અને મહિલામાં પ્રથમ પસંદગીમાં આવે છે. આમ આ ફિલ્મ દ્વારા સાધના હેર સ્ટાઈલ સાથે એક ફેસન આઈકોન બન્યા. પુરૂષોમાં દેવ આનંદ અને સ્ત્રીઓ માં સાધનાની ફેસન સ્ટાઈલ આજે પણ પ્રચલિત છે,તેમાં નવા સુધારા કરી નવી ફેસન આવી રહી છે,પણ મૂળ પાયો તેમની ફેસનમાંથી લેવામાં આવે છે.

ફિલ્મમાં મોટા ભાઈના પાત્ર માટે પેહલા ધર્મેન્દ્રનો સંપર્ક કરવામાં આવેલ, પણ ધરમજીને એમ લાગ્યું કે તેઓ જો મોટા ભાઈનો રોલ કરશે તો તે કદાચ તે ઈમેજમાં બંધાઈ જશે, એટલે તેમણે તે રોલ કરવાની ના કહી, અને પછી રાજકુમારને આ રોલ આપવામાં આવ્યો. રાજ કુમાર માટે આ ફિલ્મ તેના કારકિર્દીના બદલાવ સમાન



રહી. રાજ કુમાર એટલે સંવાદોના શહેનશાહ પણ તેઓ શહેનશાહ બન્યા આ ફિલ્મ થી. ચીનોઈ શેઠ, જીન કે અપને ઘર શિશે કે હોતે હે, વો દૂસરો પર પથ્થર નહીં ફેકા કરતે આજે પણ રાજ કુમારની સ્ટાઈલ,થી યાદ કરાય છે, આ ઉપરાંત આ ફિલ્મમાં રાજ કુમારના યાદગાર સંવાદો છે. સુનિલ દત રાજ કુમારના લીધે ફિલ્મ કરવા માંગતા ના હતા, કારણ તેમને લાગ્યું કે રાજ કુમાર ફિલ્મમાં છવાઈ જશે, પણ યશે તેમને સમજાવ્યા કે ફિલ્મના અંતમાં વકીલના પાત્રમાં તેઓ પણ છવાઈ જશે. અને સુનિલ વકીલ તરીકે ફિલ્મમાં છવાઈ જ જાય છે, પણ રાજ કુમાર સંપૂર્ણ ફિલ્મમાં હાવી થઈ જાય છે. ત્યાં સુધી કે ફિલ્મ ફેર એવાર્ડ પણ રાજ કુમાર લઈ ગયા હતા.

હવે વાત કરીયે સંગીતની, યશ પેહલા શંકર - જયકિશનને સંગીત આપવા માંગતા હતા, પણ તેમની એક ટીમ હતી, હસરત, શૈલેન્દ્ર, રફી સાહેબ અને લતાજી. પણ બી આર ફિલ્મના ગીતો મહેન્દ્રકપૂરની સાથેની દોસ્તીના લીધે તેમની પાસે જ ગાયન કરાવવા માંગતા હતા. અંતે રવિને સંગીતકારરૂપે અને સાહિરને ગીતકાર રૂપે નક્કી કરવામાં આવ્યા હતા. તેમ છતા, ફિલ્મનું ટાઈટલ સોંગ વક્ત કે દિન.ને રફી સાહેબ સિવાય કોઈ બીજા ગાયક ન્યાય આપી શકશે નહીં તેમ લાગતાં, તે ગીત રફી સાહેબને આપવામાં આવ્યું. અને રફી સાહેબે આ ગીત હદય પૂર્વકની વેદનાની ફિલિંગ્સ સાથે રજૂ કર્યુ. જે આજેપણ પ્રચલિત છે. ફિલ્મનું યાદગાર ગીત આશાજીના સ્વરમાં આગે ભી જાને ના તું.. એ ફિલ્મની કથા સાથે જોડાયેલુ છે. ભૂતકાળ, અને ભવિષ્ય તરફ ધ્યાનના આપતા માત્રને માત્ર વર્તમાન પર જ બધુ નિર્ભર છે તેવી ફિલોસોફી આ ગીતમાં સાહિરે લખી છે. અને આશાજીએ એ જ અલગ અંદાઝમાં રજૂ કર્યુ છે. ફિલ્મમાં આ ગીત એરિકા લાલ પર ચિત્રિત થયું છે. એરિકા મૂળ અમેરિકાના ટેકસાસના છે, ત્યાં તેઓ એક બેલે સંગીતના ગાયક અને સારા ડાન્સર પણ રહ્યા હતા. તેમના લગ્ન બાદ તેઓ ભારત આવ્યા અને યશ સાહેબની મુલાકાત બાદ આ ફિલ્મમાં આગીત રજૂ કરતાં જોવા મળે છે.

શશિ અને શર્મિલા માટે આ ફિલ્મ સફળતાના દ્વાર ખોલી ગઈ હતી. તેઓ બન્ને એક બીજાને ઘણા સમયથી જાણતા હતા. અને આ ફિલ્મ બાદ તેઓ આગામી વર્ષોમાં આશરે ૧૧ કરતાં વધુ ફિલ્મોમાં સાથે દેખાશે. આ ફિલ્મ પૂર્ણ થઈ અને પ્રદર્શિત થઈ ત્યારે ભારત – પાકિસ્તાનનું યુદ્ધ શરૂ થયું. તે સમયે ભારતીય દર્શકોનું ફિલ્મો કરતાં દેશ અને સુરક્ષામાં વધુ ધ્યાન હતું. અને અમુક સામયિકમાં આ ફિલ્મ બોરિંગ છે તેવા પણ સમાચાર છપાયા હતા. અને તાત્કાલિક યશે તમામ પ્રિન્ટ પરત લઈ લીધી હતી. અને અંતે જયારે યુદ્ધ સમાપ્ત થયું ત્યારે, લોકો પણ સારી ફિલ્મની આશાએ બેઠા હતા ત્યારે માત્રને માત્ર મનોરંજન મળે તેવી આ ફિલ્મ પ્રદર્શિત થઈ અને વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ સાબિત થઈ. બલરાજ સાહનીએ અહી ત્રણ પુત્રોના પિતા બની ચરિત્ર ભૂમિકાઓ તરફ કદમ વધાર્યા. આગામી અંકમાં આ ફિલ્મ ની કથા, શશિની બે બીજી ફિલ્મો અને ૧૯૬૫ના ફિલ્મ ફેર એવાર્ડ અને ૧૯૬૫માં અમર થયેલ બે મહાન કલાકારોને શ્રદ્ધાંજલી સાથે મળ ીશું.સાથે ૧૯૬૬માં પણ પ્રવેશ કરીશું. આભાર.

# "પંથ પર ચલના તુઝે તો, મુસકુરાકર ચલ મુસાફિર"

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

**અભાવનું આકાશ વરસે જયારે, કોઈનાં આંસુ લૂછતા જાશુ... સંઘર્યા કેટલાય પ્રસંગો મનમાં આંખ ભીની અમે લૂછતા જાશું.!**

આજે દુનિયાના ઘણા દેશોમાં લડાઈ ચાલે છે યુધ્ધ પાછળ અને શસ્ત્રો બનાવવા પાછપી જે ખર્ચ થાય છે તેટલો ખર્ચ માનવજાતીના કલ્યાણ માટે થાય તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરે આ વખતના બજેટમાં કલ્યાણ માટે થાય તો પૃથ્વી સ્વર્ગ ઉતરે આ વખતના બજેટમાં આપણે પણ યુધ્ધના સામાન વધાર્યો છે. શા માટે ? ચારેબાજુ અણગમતું યુધ્ધ ચાલે છે આપણી અંદર પણ માનસિક તણાવનું યુધ્ધ ચાલે છે. સ્ટ્રેશને લીધે તમને એસીડીટી નામની બીમારી લાગુ પડે છે ચિંતા, અન્નનળી, હોજરીમાં એસીડ ઉત્પન્ન કરે છે એસીડ હોજરીમાં કોમળ કોષને નુકસાન પહોંચાડે છે આ એસીડ અટકાવવા આપણે દવા લેવી પડે છે. એસીડ પાચન માટે ઉપયોગી છે ખોરાકના નુકસાનકારક બેકટેરીયાના નાશ માટે અને પાચન માટે એસીડ જરૂરી છે. એક રોગને અટકાવવા જતા બીજી બે નવી સમસ્યા ઉત્પન્ન થાય છે ખરેખર સમસ્યાનું નિદાન ચિંતા છે સ્ટ્રેસનું નિયંત્રણ સેન્ટ્રલ નર્વસ સિસ્ટમમાં રહેલું છે. દિમાગના દરેક ભાગનું જોડાણ મગજ સાથે છે વળી આ સ્ટ્રેસના કારણે કેટલા અવયવો પ્રભાવિત થાય છે. મૂત્રપીંડ, કોર્ટિસોલ, ગ્લુકોઝ (ઈન્સુલિન) બીજા હોર્મોનને અસર કરે છે. તેથી મોટાભાગની બીમારીનું મૂળ સ્ટ્રેસ છે. તેથી "મેનેજ ઈલનેસ" અને "મેનેજ સ્ટ્રેસ" સ્ટ્રેસનું મેનેજમેન્ટ આપણા હાથમાં છે. કેટલાક સ્ટ્રેસ બીજાના હાથમાં છે. સંબંધો સોહામણા બનાવવાથી સ્ટ્રેસને દૂર કરી શકાય છે. બાકીની ચિંતા, શ્રધ્ધા, પ્રાર્થના– પૂજા કરવાથી દુર કરી શકાય છે. જીવનને સમૃધ્ધ અને સુખી કરવાનો જે રાજમાર્ગ છે તેના વિશે વાસ્તવિક વિચાર કરવો જોઈએ. ઉપર એક પંકિતમાં કવિ કહે છે જીવનના રસ્તા ઉપર ચાલવા માટે મુસકરાર ચલ મુસાફિર ખરેખર પૂછવા જેવો સવાલ એ છે કે આવી વિકટ, સમસ્યા વાળી જિંદગીમાં કઈ રીતે હસતા રહેવું ? બોલવું–લખવું કેટલું સહેલું છે હસતા રહો. પણ આ શકય છે ખરૂ ? જીવનની તમામ સમસ્યાઓ હદય અને મનમાંથી ઉદ્ભવે છે. આપણી રોગ પ્રતિકાર કરવાની શકિતને ખતમ કરે છે. તેથી આપણે ઘણા રોગોના ભોગ બનીએ છીએ. મનોવૈજ્ઞાનિકો ચિંતા દુર કરવા માટે અનેક પુસ્તકો લખ્યા છે. પરંતુ આપણે તો આપણા શસ્ત્રિોના શરણે જવાનું છે.યુધિષ્ઠર રાજાને ઉંઘ આવતી ન હતી. સતત ચિંતાને લીધે તંબુમાં આટા મારતા હતા. કારણે કે આવતી કાલે લડાઈમાં અર્જુન સામે કર્ણ લડવાનો છે. તેમનો સારથી શલ્ય રાજા છે જે યુધ્ધકળામાં નિપુણ અને સારથી તરીકે ઉત્તમ છે તેથી તે રથ ન ચલાવે તે કહેવા અડધી રાતે યુધિષ્ઠિર મહારાજ શલ્ટા પાસે જાય છે. અને સારથી તરીકે રથ હાંકયાની ના કહે છે શલ્ટ રાજાને પોતાની ચિંતા જણાવે છે. પરંતુ વચનથી બંધાયેલા શલ્ટ રથ ચલાવવાની ના નથી કહી શકતા પરંતુ શબ્દના બાણથી કર્ણના મનને કીણું કરશે તેવું કહેતા યુધિષ્ઠિરની ચિંતા દુર થાય છે. ચિંતા આજના યુગનો સૌથી મોટો રોગ છે સમસ્યા છે સવાર પડે એટલે એક સામટી ચિંતાઓનું ટોળું ધસી આવે છે. ધર્મગ્રંથો જણાવે છે કે સવારે ઉઠી, ધ્યાન કરો. યોગ કરો. પ્રભુને પ્રાર્થના કરી બહાર નીકળો, ખરા હદયથી જે સતત કરાય તેને જ સાચી પ્રાર્થના કહેવાય. સંતો કહે છે હંમેશાં પોઝીટીવ વિચારો, સૌ સારવાના થશે. આખરે બધુ સારૂં થવા તરફ જઈ રહ્યું ભગવાન સારૂ જ કરશે આપણી નજર ટૂંકી છે. પ્રભુ થોડું વધારે દૂરનું જોઈ શકે છે તેથી કસોટીના કાળમાં હિંમત ન હારો. માથે ઝળુંબી રહેલી આફત માટે કશું જ ન થઈ શકે જોઈ રહે છે. તેથી કસોટીના કાળમાં હિંમત ન હારો. માથે ઝળુંબી રહેલી આફત માટે કશુ જ ન થઈ શકે તેમ હોય ત્યારે તત્કાલ રાહત માટે રાહત ધ્યાન ડાયવર્ટ કરવાનો ઉપાય કરવો જોઈએ. કોઈ રસપ્રદ પિકચર જુઓ. રમત રમો બાળકો સાથે વાતો કરો. કાગળનાં રમકડા બનાવવા વગેરે અનેક ઉપાયો છે જે દરેક વ્યકિત પોતાની રીતે વિચારી શકે. નવું નવું શીખો. મિત્રો પાસે સમસ્યા રજૂ કરી સલાહ માંગો. બાકી કહ્યું છે : નહિ બનવાનું નહિ – બને, બનવુ વ્યર્થ ન થાય કયમ એ ઔષધ ન પીવો જેથી ચિતા જાય.. સરળતાથી સ્વીકારી શકાય તેવો એક સત્ય ઘટના એક સુંદર યુવાન યુવતી. તેમનો પતિ ખૂબ પૈસાદાર, અત્યંત શંકાશીલ, વહેમી અને ગુસ્સાવાળો તમાકુનો અને સત્ય વ્યસનો. લાગણીશીલ, ભોળી આ યુવતિના લગ્ન પછી બીમાર, રહેવા લાગી ખૂબ પૈસાદાર હોવા છતાં યુવતી પાસે ન તો એક બુક કે એ.ટી.એમ. કાર્ડ કંઈક મંગાવવું હોય તો પતિ પાસે પૈસા માંગવા પડે એ આ યુવતીને ન ગમે. બે વરસમાં યુવતીને ભૂખ ન લાગે રાતે ઉંઘ ન આવે. અપચો વગેરે ફરિયાદ રહેવા લાગી. ડોક્ટરે અસીડીટીની દવા આપી. ડાયજેસ્ટીવ – અને ઘણા પ્રકારની દવા આપી. હવે આપણે આ યુવતીની સાચી વાત જાણતા હોઈએ તો આપણો શું કરીએ ? તેમના પતિને સુધારવાની જરૂર છે યુવતીને મન – અને હદયની લાગણીનું દર્દ છે શારિરીક દવાની જરૂર નથી. દિલ અને શરીરનું સંબંધ છે. પ્રથમ મન માંદુ પછી શરીર, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ડીપ્રેસન પછીથી શરીરમાં આવેલા શત્રુઓ છે. શાંતિથી વિચારશો તો સમજાશે કે મોટાભાગના રોગો આપણા સ્વાભાવ, વર્તન, ગુસ્સો ઉછેરની ખામ ખામી, ખોટી માહિતી અધૂરૂં શિક્ષણને લીધે ઉદ્ભવ્યા છે. અડધી દુનિયા શાંતિથી ભયશ્રી જીવે છે આપણા શાસ્ત્રો, ૐ શાંતિ, પૃથ્વી શાંતી... મંત્ર દ્વારા સૌનું કલ્યાણ ચાહે છે. સારા સંબંધો સ્વાસ્થ્ય સાથે જોડાયેલા છે. ક્ષમા, દયા, પ્રેમ, કરૂણા તમારા મનનું હિલીંગ કરશે તંદુરસ્ત જિંદગીના રસ્તે ચાલતા ખુશીનો ખજાનો મળશે.... **(અપૂર્ણ)**

# 'સમજણ એ જ નારાયણ'

## "શબ્દ મક્કા, શબ્દ કાશી છે સમજ ધર્મની ઊંચી અગાશી છે સમજ."

– બ્રેન્યાઝ ધ્રોલવી

આપણે ત્યાં શબ્દને 'બ્રહ્મ' કહેવામાં આવે છે. શબ્દમાં બહુ મોટી તાકાત સમાયેલી હોય છે, એકાદ શબ્દે સમયચક્રનાં પ્રવાહો બદલી નાખવામાં દષ્ટાંતો પણ આપણે અનુભવ્યા અને સાંભળ્યા છે. મહાભારતમાં દ્રોપદીનાં થોડાં જ શબ્દો, જે દુર્યોધનનાં કાને પડી જાય છે, અને આખો ઈતિહાસ બદલી જાય છે ! રામાયણમાં પોતાનાં બે વચનો માટેનાં કેકયીનાં થોડા જ શબ્દો, રામાયણની સમગ્ર રૂપ રેખાને બદલી નાખે છે ! આ શબ્દોની તાકાત છે ! નાની વાતોમાં, થોડા શબ્દોમાં ભૂતકાળમાં અનેક યુધ્ધો થયાનાં દાખલાઓ જોવા મળે છે, ત્યારે શબ્દને સાચવવો, જોખવો, માપવો, પામવો અને સાધવો ખુબ જ આવશ્યક બની જાય છે !

કબીરદાસ શબ્દનો મહિમા વર્ણવતાં લખે છે કે : "શબ્દ એક હૈ અગમ, અપારા, મરમ ન જાને કોઈ" તો નગીનદાસ સંઘવી કહે છે કે : 'શબ્દ માત્ર અર્થનો



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

જડવાહક નથી, પણ ચિત્ર – વિચિત્ર ભંડાર પણ છે, કારણ કે યુગ – યુગાંતરોનાં અનુભવો, આકાંક્ષાઓ, પૂર્વગ્રહોનો ખડકેલા તેમાં આડા અવળ । સંઘરાયેલો પડયો છે, દરેક શબ્દને તેમનું પોતાનું આગવું આકર્ષણ કે અળ ખામણાપણું હોય છે ! માનવીનાં શબ્દો એના ચારિત્ર્યનો અરીસો છે, દરેક માણસની કક્ષા, સમજણ, વૃતિઓ, આવડત અને અનુભૂતિઓ તેમના શબ્દોમાં પડઘાતી હોય છે, શબ્દો દ્વારા જ વ્યવહાર જગત ચાલતુ હોવાથી શબ્દોની બહુ મોટી કિંમત થતી હોય છે કે ચૂકવવી પડતી હોય છે !

જેમણે શબ્દને સાધ્યો છે, તેઓ સમાજમાં વિશેષ આદરપાત્ર બનીને પૂજાયા અને પોંખાયા છે, તો વળી જેમણે શબ્દને વેડફયો છે, તેઓ ટીકા, ધૃણા અને પતનને પાત્ર પણ બન્યાં છે. શબ્દો દ્વારા જ સાહિત્ય સર્જાતુ હોવાથી, વ્યવહાર જગત ચાલતું હોવાથી તેમાં વિચારોનું પ્રતિબિંબ પડતુ હોય છે, ત્યારે, શબ્દનો મહિમા વર્ણન કરતી 'રાઝ' નવસારીની રચના માણીએ.નભથી વધુ વિશાળ છે વિસ્તાર શબ્દનો.પામી શકયુ છે કોણ અહીં પાર શબ્દનો જોવા સવારી આવી છે જંગલના મૌનની

ઊજવે છે આ શહેર એક તહેવાર શબ્દનો દુનિયા તો મારા માટે નિરાકાર થઈ ગઈ


છે આંખ સામે ફકત એક આકાર શબ્દનો લીધો છે 'રાઝ' એટલે મેં એનો આશરો,

માનવથી યે વિશેષ છે ઈતબાર શબ્દનો શબ્દ બ્રહની જય હો....

# *જેનઝી અને જેન-આલ્ફાને મોતના મુખ સુધી લઈ જતી કોરિયન લવ ગેમ*



**વિસામો**



વૃંદા ચિંતન મહેતા
રાજુલા


અભાવનું આકાશ વરસે જયારે, કોઈનાં આંસુ લૂછતા જાશુ... સંઘર્યા કેટલાય પ્રસંગો મનમાં આંખ ભીની અમે લૂછતા જાશું.!

આજે દુનિયાના ઘણા દેશોમાં લડાઈ ચાલે છે યુધ્ધ પાછળ અને શસ્ત્રો બનાવવા પાછપી જે ખર્ચ થાય છે તેટલો ખર્ચ માનવજાતીના કલ્યાણ માટે થાય તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરે આ વખતના બજેટમાં કલ્યાણ માટે થાય તો પૃથ્વી સ્વર્ગ ઉતરે આ વખતના બજેટમાં આપણે પણ યુધ્ધના સામાન વધાર્યો છે. શા માટે ? ચારેબાજુ અણગમતું યુધ્ધ ચાલે છે આપણી અંદર પણ માનસિક તણાવનું યુધ્ધ ચાલે છે. સ્ટ્રેશને લીધે તમને એસીડીટી નામની બીમારી લાગુ પડે છે ચિંતા, અન્નનળી, હોજરીમાં એસીડ ઉત્પન્ન કરે છે એસીડ હોજરીમાં કોમળ કોષને નુકસાન પહોંચાડે છે આ એસીડ અટકાવવા આપણે દવા લેવી પડે છે. એસીડ પાચન માટે ઉપયોગી છે ખોરાકના નુકસાનકારક બેકટેરીયાના નાશ માટે અને પાચન માટે એસીડ જરૂરી છે. એક રોગને અટકાવવા જતા બીજી બે નવી સમસ્યા ઉત્પન્ન થાય છે ખરેખર સમસ્યાનું નિદાન ચિંતા છે સ્ટ્રેસનું નિયંત્રણ સેન્ટ્રલ નર્વસ સિસ્ટમમાં રહેલું છે. દિમાગના દરેક ભાગનું જોડાણ મગજ સાથે છે વળી આ સ્ટ્રેસના કારણે કેટલા અવયવો પ્રભાવિત થાય છે. મૂત્રપીંડ, કોર્ટિસોલ, ગ્લુકોઝ (ઈન્સુલિન) બીજા હોર્મોનને અસર કરે છે. તેથી મોટાભાગની બીમારીનું મૂળ સ્ટ્રેસ છે. તેથી "મેનેજ ઈલનેસ" અને "મેનેજ સ્ટ્રેસ" સ્ટ્રેસનું મેનેજમેન્ટ આપણા હાથમાં છે. કેટલાક સ્ટ્રેસ બીજાના હાથમાં છે. સંબંધો સોહામણા બનાવવાથી સ્ટ્રેસને દૂર કરી શકાય છે. બાકીની ચિંતા, શ્રધ્ધા, પ્રાર્થના– પૂજા કરવાથી દુર કરી શકાય છે. જીવનને સમૃધ્ધ અને સુખી કરવાનો જે રાજમાર્ગ છે તેના વિશે વાસ્તવિક વિચાર કરવો જોઈએ. ઉપર એક પંકિતમાં કવિ કહે છે જીવનના રસ્તા ઉપર ચાલવા માટે મુસકરાર ચલ મુસાફિર ખરેખર પૂછવા જેવો સવાલ એ છે કે આવી વિકટ, સમસ્યા વાળી જિંદગીમાં કઈ રીતે હસતા રહેવું ? બોલવું–લખવું કેટલું સહેલું છે હસતા રહો. પણ આ શકય છે ખરૂ ? જીવનની તમામ સમસ્યાઓ હદય અને મનમાંથી ઉદ્ભવે છે. આપણી રોગ પ્રતિકાર કરવાની શકિતને ખતમ કરે છે. તેથી આપણે ઘણા રોગોના ભોગ બનીએ છીએ. મનોવૈજ્ઞાનિકો ચિંતા દુર કરવા માટે અનેક પુસ્તકો લખ્યા છે. પરંતુ આપણે તો આપણા શસ્ત્રિોના શરણે જવાનું છે.યુધિષ્ઠર રાજાને ઉંઘ આવતી ન હતી. સતત ચિંતાને લીધે તંબુમાં આટા મારતા હતા. કારણે કે આવતી કાલે લડાઈમાં અર્જુન સામે કર્ણ લડવાનો છે. તેમનો સારથી શલ્ય રાજા છે જે યુધ્ધકળામાં નિપુણ અને સારથી તરીકે ઉત્તમ છે તેથી તે રથ ન ચલાવે તે કહેવા અડધી રાતે યુધિષ્ઠિર મહારાજ શલ્ટા પાસે જાય છે. અને સારથી તરીકે રથ હાંકયાની ના કહે છે શલ્ટ રાજાને પોતાની ચિંતા જણાવે છે. પરંતુ વચનથી બંધાયેલા શલ્ટ રથ ચલાવવાની ના નથી કહી શકતા પરંતુ શબ્દના બાણથી કર્ણના મનને કીણું કરશે તેવું કહેતા યુધિષ્ઠિરની ચિંતા દુર થાય છે. ચિંતા આજના યુગનો સૌથી મોટો રોગ છે સમસ્યા છે સવાર પડે એટલે એક સામટી ચિંતાઓનું ટોળું ધસી આવે છે. ધર્મગ્રંથો જણાવે છે કે સવારે ઉઠી, ધ્યાન કરો. યોગ કરો. પ્રભુને પ્રાર્થના કરી બહાર નીકળો, ખરા હદયથી જે સતત કરાય તેને જ સાચી પ્રાર્થના કહેવાય. સંતો કહે છે હંમેશાં પોઝીટીવ વિચારો, સૌ સારવાના થશે. આખરે બધુ સારૂં થવા તરફ જઈ રહ્યું ભગવાન સારૂ જ કરશે આપણી નજર ટૂંકી છે. પ્રભુ થોડું વધારે દૂરનું જોઈ શકે છે તેથી કસોટીના કાળમાં હિંમત ન હારો. માથે ઝળુંબી રહેલી આફત માટે કશું જ ન થઈ શકે જોઈ રહે છે. તેથી કસોટીના કાળ માં હિંમત ન હારો. માથે ઝળુંબી રહેલી આફત માટે કશુ જ ન થઈ શકે તેમ હોય ત્યારે તત્કાલ રાહત માટે રાહત ધ્યાન ડાયવર્ટ કરવાનો ઉપાય કરવો જોઈએ. કોઈ રસપ્રદ પિકચર જુઓ. રમત રમો બાળકો સાથે વાતો કરો. કાગળનાં રમકડા બનાવવા વગેરે અનેક ઉપાયો છે જે દરેક વ્યકિત પોતાની રીતે વિચારી શકે. નવું નવું શીખો. મિત્રો પાસે સમસ્યા રજૂ કરી સલાહ માંગો. બાકી કહ્યું છે : નહિ બનવાનું નહિ – બને, બનવુ વ્યર્થ ન થાય કયમ એ ઔષધ ન પીવો જેથી ચિતા જાય.. સરળતાથી સ્વીકારી શકાય તેવો એક સત્ય ઘટના એક સુંદર યુવાન યુવતી. તેમનો પતિ ખૂબ પૈસાદાર, અત્યંત શંકાશીલ, વહેમી અને ગુસ્સાવાળો તમાકુનો અને સત્ય વ્યસનો. લાગણીશીલ, ભોળી આ યુવતિના લગ્ન પછી બીમાર, રહેવા લાગી ખૂબ પૈસાદાર હોવા છતાં યુવતી પાસે ન તો એક બુક કે એ.ટી.એમ. કાર્ડ કંઈક મંગાવવું હોય તો પતિ પાસે પૈસા માંગવા પડે એ આ યુવતીને ન ગમે. બે વરસમાં યુવતીને ભૂખ ન લાગે રાતે ઉંઘ ન આવે. અપચો વગેરે ફરિયાદ રહેવા લાગી. ડોક્ટરે અસીડીટીની દવા આપી. ડાયજેસ્ટીવ – અને ઘણા પ્રકારની દવા આપી. હવે આપણે આ યુવતીની સાચી વાત જાણતા હોઈએ તો આપણો શું કરીએ ? તેમના પતિને સુધારવાની જરૂર છે યુવતીને મન – અને હદયની લાગણીનું દર્દ છે શારિરીક દવાની જરૂર નથી. દિલ અને શરીરનું સંબંધ છે. પ્રથમ મન માંદુ પછી શરીર, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ડીપ્રેસન પછીથી શરીરમાં આવેલા શત્રુઓ છે. શાંતિથી વિચારશો તો સમજાશે કે મોટાભાગના રોગો આપણા સ્વાભાવ, વર્તન, ગુસ્સો ઉછેરની ખામ ખામી, ખોટી માહિતી અધૂરૂં શિક્ષણને લીધે ઉદ્ભવ્યા છે. અડધી દુનિયા શાંતિથી ભયશ્રી જીવે છે આપણા શાસ્ત્રો, ૐ શાંતિ, પૃથ્વી શાંતી... મંત્ર દ્વારા સૌનું કલ્યાણ ચાહે છે. સારા સંબંધો સ્વાસ્થ્ય સાથે જોડાયેલા છે. ક્ષમા, દયા, પ્રેમ, કરૂણા તમારા મનનું હિલીંગ કરશે તંદુરસ્ત જિંદગીના રસ્તે ચાલતા ખુશીનો ખજાનો મળશે.... (અપૂર્ણ)

# ॥ રામ સપ્રેમ કહેઉ મુનિપાહીં, નાથ કહિય હમ કેહિ મગ જાહી ॥

શાંતિથી પ્રણામ કરવા મળ્યા. તેમજ ભગવાને પણ પ્રસન્નતાથી હસતા હસતાં પૂછયુ, "કહાં જા રહે હૈં ?" મનહરભાઈએ જવાબ આપ્યો, "ભગવાન કરવા જતા હતા." પછી જયાબેને પ્રણામ કરતા ભગવાને પૂછયું "ઈસિકા નામ કયા હૈ ?" સાથેના બહેને કહ્યું, "બાપુ, એમનું નામ તો જયાબેન છે." ત્યારબાદ મેં પ્રણામ કરતાં ફરી પૂછયું, "ઈસકા નામ ?" તે તેમણે જવાબ આપે, "બાપુ એ તે હંમેશા તમારી આગળ રહે એટલે એમનું નામ તે તમને ખબર જ હોય ને ?" ભગવાને કહ્યું, "અરે ! યે મેરે આગે નહીં પીછે રહતી હૈ." આ રીતે થોડીવાર આનંદ કરાવી અમને પાછા ફરવા કહ્યું. અમે ગાડીની પાછળ ભગવાનના રૂમ પર પહોંચી ગયા.શ્રી હીરાભાઈ જેમણે શ્રી રામમંદિરની સ્થાપના કરાવી તેઓ ખૂબ જ સરળ અને પ્રેમાળ સ્વભાવના ભકત હૃદય છે. મોટી ઉંમરે ભગવાનના આશીર્વાદથી તેમને ત્યાં પુત્ર જન્મ થયો જેનું નામ રઘુ રાખ્યું છે.પોપટપરાના પ્રસંગ પહેલા ગુંદાવાડીમાં પ્રસંગોપાત્ ભગવાન પધારેલા. ભાવિકજનોની ભારે ભીડ હતી. ભગવાન પાસે હંમેશા સ્વાધ્યાયના પાઠ થતાં. તે વખતે મનહરભાઈની બંન્ને દીકરીઓ નીલા, ઉર્વા ઘણી જ નાની હતી છતાં મનહરભાઈએ અમુક પ્રાર્થના શીખવેલી હોવાથી બંને બહેનો પાસે ભગવાને પ્રાર્થના બોલાવી. ભગવાને પ્રેમપૂર્વક પાસે બોલાવી પોતે જે બાજોઠ પર ચરણ રાખેલાં તે બાજોઠ પર બેસાડી માઈકમાં પ્રાર્થના સાંભળી. રાજકોટથી ભગવાન સાથે બગસરા ગઈ.

(૫૮) જેહિ પર કૃપા ન કરહિં પુરારી

ભગવાન બગસરાથી વીરપુર પધારવાના હતા. ત્યારે મને બોલાવીને કહ્યું, "રમા મેં આઠ દિનકે બાદ વાપસ રાજકોટ આઉંગા. તુમ ઈતને દિન રાજકોટમેં શ્રી વજુભાઈ જોબનપુત્રા કે યહાં રહના. વીરપુર મેં તુમ્હે નહીં લે જાતા હું ક્યોંકિ ઉન લોગેકે અચ્છા નહીં લગતા હૈ." મેં કહ્યું,

રામ સપ્રેમ પુલકિ ઉરલાવા, પરમ રંક જનુ પારસ પાવા । "ભગવાન યદિ આપ કહે તો મૈં આઠ દિન રાજકોટ ન રહકર બરસડા, અમરેલી ઔર સલડી, લીલીયા મામા, માસી કે યહાં મિલને જાઉં ?" યા આપતા કહ્યું, "ભલે બરાબર આઠવે દિન રાજકોટ પહુંચ જાના. મૈં તુમ્હેં રાજકેટમેં મિલૂંગા."ભગવાનની રજા લઈ હું વરસડા, અમરેલી થઈને લીલીયા મામાને ઘર ગઈ.ઘણું વર્ષો પછી મામાને જે ખુશી અને ભાવથી મળવા ગયેલી તે બધો ભાવ તેમના વાણી વર્તન જોતાં ઓસરી ગયો. મામા પરમ કૃષ્ણ ભકત હતા. હું દસ વર્ષની હતી ત્યારે તેમને મળેલી. તેથી તેમની વિચારધારાથી અજાણ હતી. મને એમકે મામાને ભકિતમાં રસ છે જેથી મારૂં આ જીવન જોઈ ઘણાં ખુશ થઈ જશે. તેઓ મને જન્મથી જ દેવી કહીને બોલાવતા અને મારા બાને કહેતા, "જો જે તારી આ દીકરી લગ્ન નહીં કરે અને ભકિતમાર્ગ સ્વીકારશે." આટલો પ્રેમ હોવા છતાં તે દિવસના વાણી વર્તન સ્નેહરહિત જોતાં હું સમજી ન શકી. હવે પછી મને ત્યાં રહેવાનું મન ન હતું. સાંજે પહોંચેલી જેથી ગમે તે રીતે રાત કાઢવાની હતી. સવારની પહેલી બસથી નીકળી જવાની હતી. તેમણે વ્યવહારિકતાથી જમીને જવા આગ્રહ કર્યો. ત્યારે બોલ્યા વિના રહી ન શક્યા અને કહ્યું, "તારૂં આ જીવન ઠીક છે પરંતુ આપણાં તો કૃષ્ણ જ સાચા." મેં કહ્યું, "મામા, આમ કેમ કહો છો ? રામ અને કૃષ્ણ એક જ તો છે." થોડીવાર ચર્ચા કરતા સમજાયું કે તેઓ તો રામનું નામ લેવા પણ રાજી ન હતા. વારેવારે એક જ શબ્દો હતા. "ગમે તે કહે આપણું તે કૃષ્ણ જ સાચા." નાનપણથી મેં તેમને જોયેલા. તેમના મોઢામાં સતત્ "રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ" અથવા "શ્રીકૃષ્ણ શરણું મમ"ને જાપ ચાલુ રહેતો.ખૂબ પ્રેમાળ હતાં. તેમજ વ્યવહાર શુદ્ધિ પણ તેમના જીવનમાં હતી. પરંતુ ધર્મના નામ પર એટલી જડતાપૂર્વક ગ્રંથિ બંધાયુ ગયેલી કે ગમે તેટલું કેઈ કહે પરંતુ તેઓ રામ કે શિવનું નામ લેવા તૈયાર ન થાય. ત્યાં સુધી કે કપડાં શિવડાવવા પણ ન બોલે. કારણ તેમાં શિવ શબ્દનો સમાવેશ થાય છે. તેઓ હંમેશા કપડાં દોરાવવા છે એમ બેલતા. મેં કહ્યું, "મામા મને તમે હવેલીમાં લઈ જાવ અથવા કોઈપણ કૃષ્ણ ભજન

રામ લખનસિયરૂપ રૂપ નિહારી, શોચસનેહવિકલ નરનારી।

ગાવા કહો તો હું તો તૈયાર છું કારણ મારા રામ એ જ તો તમારા કૃષ્ણ રૂપે પ્રગટ થયા અને છતાં પણ તમને આટલે બધે રામનો વિરોધ હોય તો તમારૂ નામ "રામજી" છે માટે રાખ્યું છે ? મારા ભગવાનનું નામ તમે કેમ લઈ ગયા ?" આ રીતે ગમે તેટલું તેમને કોઈ કહે છતાં જીવનના અંતિમ સમય સુધી તેઓ એકના બે ન થયા.

રઘુનાથજીએ સ્વમુખે કહેલા શબ્દો,શંકર પ્રિય મમ દ્રોહી, શિવ દ્રોહી મમ દાસ.....આ રીતને દ્રોહ જોઈ બહુ દુઃખ થયું. મૃત્યુ દેવું શ્રી રામ અને રામજી પોતાના ઈષ્ટદેવ શિવજીને માને છે. તેમના પ્રત્યે કોઈ જીવનો આટલો કુભાવ કેમ સહી શકાય ? કારણ,

શિવપદ કમલ જિનહિં રતિ નાહીં, રામહિં તે સપનેહું ન સોહાહીં બિનુ છલ વિનાથ પદ નેહૂ, રામ ભકત કર લક્ષણ એહૂં.

શુષ્કતા ભરેલું તેમનું સન્માન સ્વીકારી બપોરે હું નીકળી ગઈ. ભગવાનના કહ્યા પ્રમાણે એક દિવસ વહેલી રાજકોટ પહોંચી. ભગવાન સીધા પોપટપરા પધારવાના હતાં તેથી ત્યાં દર્શને ગયેલી. પરંતુ અતિશય ભીડના કારણે દર્શન માટે પ્રયત્ન કરતા દર્શન ન થવાથી હીરાભાઈના ઘરમાં જતી રહેલી. ભગવાન અંદર પધાર્યા. બહુ થોડા જણ અંદર હતા. દરવાજા બંધ કરી દીધા. શાંતિથી દર્શન થયા, મને પૂછ્યું, "તુમ કબ આઈ ?" પછી અંદર રૂમમાં બોલાવી પૂછયું, "તુમારે પાસ કુછ હૈ ક્યા ? મુઝે ભૂખ લગી હૈ" યોગાનુયોગ તે વખતે મારા બટવામાં એક પ્લાસ્ટીકની થેલીમાં થોડા ખારા પિસ્તા હતા. જો કે મને ત્યારે વિચાર આવેલે કે મેં આ પિસ્તા ભગવાન માટે લીધા તો છે પરંતુ મને ક્યારે એવો મોકો મળે કે હું ભગવાનને આપી શકું ! આજે જાણે મારા ભાવને કારણે આ રીતે કંઈ ખાવા માંડ્યું. હું પિસ્તા આપતી ગઈ. પ્રેમથી ખાધા અને પૂછ્યું, "તુમ્હારા સામાન કડાં ?" એક બહેનને ત્યાં રાખેલ તે જણાવતાં કહ્યું, "તુમ સામાન લેકર સીધી આશ્રમ પહેંચો. વહાંસે તુમ્હેં મેરે સાથે ગાડીમેં ચલનેકા હૈ."

આશ્રમથી રાત્રે ભગવાન સાથે સુરેન્દ્રનગર જવા રવાના થયા. ત્યાં રાત રોકાયા બીજા દિવસે ટ્રેન દ્વારા ત્યાંથી મુંબઈ જવા નીકળ્યા.

રામ રજાયસુ શીશ ધરિ, ભવન ગવન તેહિ કીન્હ । મુંબઈ સ્ટેશન પર ઘણાં ભાવિકજનો દર્શને આવેલા. તેમાં મનહર–ભાઈના બહેન લલિતાબહેન પણ હતા. મને કહ્યું, "રમા તુમ લલિતા કે વર રહના." તે વખતે મનહરભાઈ ભાભી વિગેરે રાજકોટથી વળી ગયેલા તેથી હું લલિતાબહેનને ત્યાં ભગવાનના આદેશ પ્રમાણે રહી. ભગવાન એક બે દિવસ સાયનમાં જ હતા. ત્યાર બાદ ચર્ચગેટ રામમહાલમાં પધારેલા. લલિતાબહેન સાથે દર્શને જતી આવતી. તેમની વિનંતીથી ભગવાન તેમના ઘેર પધારેલા, થોડા દિવસ બાદ ભગવાન મહાબળેશ્વર પધાર્યા અને હું આદેશ અનુસાર જયપુર ગઈ.(૫૯) કરહુ કૃપા પ્રભુ હેહુ સહાઈમહાબળેશ્વરથી ભગવાનનું પિસ્ટકાર્ડ આવ્યું.

રમા, તુમ સકુશલ પહુંચ ગઈ હોગી.મેં તુમસે બિદા લેકર ૧૦ બજે મહાબલેર પહુંચા, માર્ગ કે શ્રમ કે કારણ બુખાર આ ગયા થા. અબ અચ્છા હૈ ચિન્તા ન કરના મૈં ૧૫ દિન ઠહરૂંગા. બાદ અનંતપુર હોકર રાંચી જાઉંગા રાચી ઠરૂંગા કુછ રોજ.રમા તુમકો રાજકોટ બમ્બઈ મેં કષ્ટ હુઆ પર મૈં કયા કરતા. પત્ર દેના બહુત અવ્યસ્થા કે કારણ બહેત સબકે આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

મેં પત્ર લખેલ તેના જવાબમાં ચાર દિવસ બાદ બીજો પત્ર આવ્યો.॥ શ્રી રામચંદ્રાય નમઃ ॥ મહાબલેર તા. ૨૬–૫–૬૫ પ્રિય રમા, આશીરવાદ મેરા પત્ર મિલા હેગા તુમ્હારા પત્ર મિલા બહુત સંતોષ હુઆ.

## અહૈતુક કૃપા




પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૭૭ ૫૦૭૩૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

# *પંચકર્મ*




ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૨૨ ૮૭૯૦૮ / ૮૭૯૯૦૯૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

મારી પાસે જીજ્ઞાસાબેન (દર્દીનું નામ બદલાવેલ છે) ઘણાં લાંબા સમયથી સારવાર લેવા આવે છે, જીજ્ઞાસાબેનની ઉંમર ૪૦ વર્ષ છે,જીજ્ઞાસાબેન સરકારી નોકરી કરે છે, જીજ્ઞાસાબેનને આખા શરીરે ખંજવાળ આવે છે, શરીર ઉપર જીણી–જીણી ફોડલીઓ થયેલી છે, પેટ ભારે–ભારે લાગે છે, શરીરમાં કળતર થયા કરે, થાક ખુબ લાગે છે, માસીક અનીયમીત આવે છે, વાળ ખરે છે, મોઢા ઉપર કુંડાળા થઇ ગયા છે, ગુસ્સો, ઉત્પાત, ઉદ્વેગ સતત રહે છે, ઉંઘ પણ બરાબર આવતી નથી. મેં જીજ્ઞાસાબેનને અગાઉ વારંવાર સંપુર્ણ પંચકર્મ કરાવવાની સલાહ આપેલ છે. થોડા દિવસ પહેલા જીજ્ઞાસાબેન મારી પાસે આવ્યા મને મજાકમાં કહે સાહેબ, આખા શરીરની સર્વીસ કરાવવી છે, મે કીધું બેન એટલે શુ કરવુ છે ? મને કે સાહેબ આ વખતે આખું પંચકર્મ કરાવી નાંખવુ છે બોલો કેટલા દિવસ થશે ? મે કિધું ૧૩૦ દિવસ... તરત જીજ્ઞાસાબેનનું મોઢું પડી ગયુ, મને કહે સાહેબ અમને પંચકર્મ કરાવવા સ્પેશ્યલ અઠવાડીયાની રજા મંજુર કરેલ છે, આટલા બધા દીવસનો મેળ પડે આયુર્વેદ વિષે લોકોની જેટલી જીજ્ઞાસા વધી છે તેટલા પ્રમાણમાં તેના વિશે સમજ ઉભી થઇ નથી. પંચકર્મ એ કોઇ ગોદરેજ હેર ડાઇ નથી કે 'બસ કાટા, ધોલા એર લગા ડાલા' સામાન્ય લોકોના મનમાં તો બસ એમ જ છે કે માથે તેલની ધાર રેડે કે આખાય શરીરે જુદી – જુદી મુદ્રાઓ માં તેલની માલીશ કરે એ જ પંચકર્મ ! તો મિત્રો જાણી લ્યો કે પંચકર્મનું આ રૂપ તો માત્ર ટાઇટેનીકની હિમશીલાનું શીખર જ છે આજકાલ વ્યાપારીયુગમાં પશ્ચિમના દેશોમાં સ્પા ના સ્વરૂપ માં પંચકર્મનો દુષ્પ્રચાર વકરતો જાય છે પણ ફાઇવ સ્ટાર હોટેલો અને હેલ્થ રિસોર્ટ્સે જાતે જ 'ફૈબા' બનીને આ પુર્વકર્મને જ પંચકર્મનું નામ આપી દીધું છે અને આજકાલ એની ફેશન ઉપડી છે લોકો જેમ 'આંધળાઓ હાથીને વળગે' એમ એને એક આનંદનું નવું માધ્યમ ગણી 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે અપનાવવા લાગ્યા છે. હા હા ભાઇ કરી લ્યોને એમાં કયાં આડ અસર થવાની છે !!! હકીકતમાં તો આ કેન્દ્રોમાં પંચકર્મના નામે જે કાઇ પીરસવાનાં આવે છે તે તો શાસ્ત્રોક્ત પંચકર્મ પહેલા કરવામાં આવતુ પુર્વકર્મ છે. તેના પછી પ્રધાન કર્મ અને પશ્ચાત કર્મ તો બાકી જ રહી જાય છે.પંચકર્મ એ આયુર્વેદનાં આઠ અંગ – કાય ચિકિત્સા, બાલ ચિકિત્સા, ગ્રહ ચિકિત્સા, ઉપ્રર્વાંગ ચિકિત્સા (શાલાકય), શલ્ય ચિકિત્સા, દ્રન્ષ્ટતા ચિકિત્સા, રસાયણ ચિકિત્સા, અને વાજીકરણ ચિકિત્સા પૈકી કાય ચિકિત્સાનો મુખ્ય ભાગ છે. આયુર્વેદ રોગને દાબી દેવામાં માનતો નથી પરંતુ તેનું શમન કરવામાં કે શોધન કરી બહાર કાઢવામાં માને છે રોગને દાબી દેવાથી ફરી – ફરીને વર્ષો સુધી હુમલા થાય છે એક રોગમાંથી અનેક રોગ થાય એવી કામ ચલાઉ સારવાર આયુર્વેદમાં કયાય જોવા મળતી નથી. ભૂખ્યું બાળક રડતું હોય તો તેનો ઉપાય તેને ધવરાવવું કે ખવરાવવું એ જ હોઈ શકે નહિ કે મારીને – ધમકાવીને છાનું રાખી દેવું અથવા રડવાનો અવાજ કાનથી દુર કરવા ઘરમાં પુરી દેવું કે મો એ ડૂચો મારવો.આયુર્વેદનાં મતે રોગોનું કારણ જીવાણુંઓ નહિ પરંતુ શરીરના બંધારણ રૂપ ત્રિદોષની જ વિષમતા છે. ચૂલામાં ખુબ જ રાખ ભરાઈ જવાના કારણે તાપ બરાબરના જળવાઈ ત્યારે સતત બળતણ નાખવાથી કે ફૂક માર્યા કરવાથી કાઈ વળતું નથી, પરંતુ બધો જ કચરો બહાર કાઢી નવેસર થી અંગારા મૂકી ને તેને ક્રમશઃ ધીમે – ધીમે સળગાવવો પડતો હોય છે. તેવું જ રોગનું છે, શરીરમાં ભરાઈ ગયેલા વિકૃત દોષોને ઓગાળીને પંચકર્મ થી બહાર કાઢવામાં આવે છે, પછી ધીમે – ધીમે જઠરાગ્નીનું બળ વધારીને રોગોનું શમન કરવામાં આવે છે.પંચકર્મ મૂળ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ થાય છે. પાચ પ્રકારની ચિકિત્સા આ પાચ પ્રકારની જટિલ ચિકિત્સાઓ વ્યક્તિની પ્રકૃતિ, દોષોનું બળ, દોષનેઅસમતુલા, ઉમર, પાચન ક્ષમતા, રોગનું બળ, ઋતુ, દેશ, કાલ, રોગપ્રતિકારક શક્તિ તથા બીજા ઘણા પરિબળો ઉપર આધારિત છે. જયારે શરીરમાં વાત – પિત – કફની અસમતુલા થાય છે ત્યારે તે જઠરાગ્નિને અસર કરે છે અને તેથી પાચન થયા વગર પડયો રહેલો કાચો ઉત્સર્ગ પદાર્થ પેદા થાય છે જેને આયુર્વેદીય પરિભાષામાં આમ કહે છે. મોર્ડન સાયન્સ મુજબ તેને ફ્રી રેડિકલ્સ સાથે સરખાવી શકાય જે અનેક રોગોના કારણરૂપ તથા જેર સ્વરૂપ હોઈ શરીરની બહાર બને તેટલો વહેલો કાઢી નાખવો જરૂરી બની જાય છે.આયુર્વેદ મુજબ આપણું શરીર ત્રણ માધ્યમથી ઉત્સર્ગ પદાર્થ અને જેર બહાર કાઢે છે. મો, ગુદા, અને ત્વચાનાં છિદ્રો, વિકૃત થયેલા દોષોને પૂર્વકર્મની મદદથી ઓગાળીને પાચનતંત્રમાં લાવવામાં આવે છે પછી પંચકર્મની મદદથી શરીરમાંથી ગમે તે એક માર્ગે બહાર કાઢવામાં આવે છે. જેનાથી રોગ તો મટે જ છે પરંતુ શરીર અગાઉની માફક સ્ફૂર્તિલું અને નવયુવાન બને છે.પંચકર્મને થોડી સરળ ભાષામાં સમજીએ, બહેનો જે રીતે કપડા ધોવે છે, સૌ પ્રથમ તો મેલા કપડાને સાબુના પાણીમાં થોડીવાર પલાળી રાખે છે, જેથી મેલ છુટો પડે (પૂર્વકર્મ), ત્યારબાદ કપડાને વ્યવસ્થિત સાબુ ઘસી, બ્રશથી અને જરૂર પડે ધોકાથી કપડાને ધોવે છે જેથી કપડા એકદમ મેલરહિતને ચોખ્ખા થાય (પ્રધાન કર્મ), પછી કપડાને નીચોવી, તડકામાં સુકવી, સરસ ઈસ્ત્રી કરી એકદમ નવા જેવા કરી દે છે (પશ્વાત કર્મ).પંચકર્મ માં પણ આમ જ કરવામાં આવે છે જેમાં પૂર્વકર્મમાં શરીર માં બનેલા કચરા ને બહાર કાઢવા માટે એક જગ્યાએ ભેગો કરવામાં આવે છે (પૂર્વકર્મ માં પાચન, સ્નેહન અને સ્વેદન કરવામાં આવે છે), ત્યારબાદ પ્રધાનકર્મમાં કચરાને યોગ્ય માર્ગે શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે (વમન, વિરેચન, અનુંવાસન બસ્તિ, આસ્થાપન બસ્તિ અને નસ્ય) અને છેલ્લે જે હેતુ થી પંચકર્મ કરવામાં આવ્યું હોય તેને અનુરૂપ પશ્વાતકર્મ (સંસર્જનક્રમ, રસાયનાદી, શમનાદી) કરવામાં આવે છે.પંચકર્મ શરીરની કુદરતી પ્રક્રિયાઓને હસ્તક્ષેપ કર્યા વિના જ દોષોને બહાર કાઢવાનું કામ કરે છે.

પંચકર્મ એ બિલકુલ નૈસર્ગિક અને પ્રાકૃતિક ચિકિત્સા પધ્ધતિ છે. કુદરતી રીતે આપણા શરીરમાં જે દોષો કે મળો એકઠા થાય તે કુદરતી રીતે જ બહાર નીકળતા રહે છે. ફેફસામાં કે આમાશયમાં કફ એકઠો થાય તો શરીર એને કોઈને કોઈ રીતે મો વાટે બહાર કાઢે છે. ગળામાંથી ખેચીને ઘણા લોકો રોજ થોડો કફ બહાર કાઢતા હોય છે. નાના બાળકોને પણ કયારેક કફની ચિકણી ઉલટી થઇ જતી હોય છે. ફેફસામાં ભરેલો કફ પણ રોજે રોજ થોડો ઘણો ખાસી દ્વારા બહાર નીકળે છે. ખાધેલા ખોરાકમાંથી છેવટે જે મળ ઉત્પન્ન થાય તેને આંતરડા ઝાડા વાટે શરીરની બહાર કાઢે છે. ચોવીસ કલાકમાં એકથી બે વાર મળ બહાર ફેકાય ત્યાં સુધી પ્રાકૃત છે. વાછૂટ કે ઓડકાર દ્વારા વાયુ પણ કુદરતી રીતે જ બહાર ફેકાય છે, આમ છતાં ઘણીવાર જોઈએ એટલા પ્રમાણમાં મળો બહાર ફેકાતા નથી અને શરીરમાં પોત પોતાના સ્થાનમાં એકઠા થતા રહે છે.હોજરી અને આમાશયમાં કફ એકઠો થાય છે. આતારડામાં અને પકવાશયમાં વાયુ એકઠો થાય છે. મળાશયમાં કયારેક કબજીયાત વગેરે રોગો દ્વારા એકઠા થયેલા દોષોને શરીરના કુદરતી માર્ગેથી પોત પોતાના સ્થાનમાંથી બહાર કાઢવાની કુદરતી પ્રક્રિયા એ પંચકર્મ છે.

**વમન** :– શરીર માં વધેલા કફ દોષને મો દ્વારા બહાર કાઢી નાખવાની ચિકિત્સાને વમન કહે છે. વધી ગયેલા કફથી હોજરીમા અગ્નિમંદ પડી જાય છે જે અનેક રોગનું કારણ બને છે. જેથી વમનથી શરીરનું શુધિકરણ થાય છે. પહેલા ૩ થી ૭




દિવસ દવાયુક્ત ઘી પીવડાવવામાં આવે છે જયારે દર્દીની ત્વચા મુલાયમ અને તૈલી થઇ જાય તથા શરીર અને મળ માંથી તૈલી વાસ આવવાની શરૂ થઇ જાય તે દિવસથી ઘી બંધ કરી એ દિવસે સાંજે દર્દીને ભારે, ગળ્યો તેમજ ચીકણો આહાર આપવામાં આવે છે જેથી વધુમાં વધુ કફ પેદા થાય. બીજા દિવસે સવારે માલિશ – શેક કરી પેટ ભરીને શેરડીનો રસ કે દૂધ પાવામાં આવે છે. ત્યારબાદ વમન માટેની દવા પાવાથી ઉલટી દ્વારા બધો જ કફ બહાર નીકળી જાય છે. સોરાય સીસ, ચામડીના રોગો, જૂની શરદી – શ્વાસ અને પેટના હઠીલા રોગોમાં વમન જરૂરી છે.સ્વસ્થ વ્યક્તિમાં વસંત ઋતુમાં વમન કરાવી શકાય છે. વમન એ સદ્ય પ્રાણહર ચિકિત્સા હોય અનુભવી વૈદ્યનાં સીધા નિરિક્ષણ હેઠળ થવી જરૂરી છે.

**વિરેચન** :– વધી ગયેલા પિતને ગુદાના માર્ગેથી બહાર કાઢવા વિરેચન કરાવાય છે. સામાન્ય ભાષામાં તેને રેચ કે જુલાબથી સમજી શકાય છે. પીત પ્રધાન વ્યક્તિઓમાં પિત, યકૃત, સ્વાદુપિંડ અને નાના આંતરડામાં જમા થાય છે તેનાથી ચામડીના રોગો, તાવ, એસીડીટી વગેરે થાય છે. વિરેચનથી આ વિકૃત પિત ઓગાળીને ગુદાનાં માર્ગેથી બહાર નીકળી જાય છે. ત્યારબાદ નવું શુદ્ધ પિત બનવાનું શરૂ થઇ જવાથી રોગનું નિવારણ થાય છે. વિરેચનમાં પણ વમનની માફક ઘી પાવામાં આવે છે. ત્યારબાદ ૩ દિવસ માલિશ – શેક કરી પછીના દિવસે વિરેચન ઔષધો પાવામાં આવે છે. યોગ્ય પ્રમાણમાં પિત નીકળી ગયા બાદ દર્દીને આરામ આપવામાં આવે છે, વમન અને વિરેચન બંને પતિ ગયા પછી ૩ થી ૭ દિવસ સુધી દર્દીના પાચકાગ્નીને સુધારવા આહાર – વિહારની પરેજીનું પાલન કરવું જરૂરી હોય છે જેને સંસર્જન ક્રમ કહે છે. પાચનતંત્રનાં પિતના, લોહીના બગાડના તમામ રોગોમાં તથા ધાતુના રોગોમાં વિરેચન ધાર્યું પરિણામ આપે છે. સ્વસ્થ વ્યક્તિમાં શરદ ઋતુમાં વિરેચન કરાવી શકાય છે. **બસ્તિ** :– મેડીકેટેડ તેલ કે તેલ – મધ યુક્ત ઉકાળાઓને દર્દીનાં આંતરડામાં ગુદા દ્વારા ચડાવીને આખાય શરીરનાં રાજા વાયુને જીતવાની ચિકિત્સાને બસ્તિ કહે છે. બસ્તિ કર્યા પછી પ્રવાહી આંતરડામાં નિશ્ચિત સમય સુધી રહેવું જોઈ તથા વાયુ અને મળ સાથે બહાર આવવું જોઈ તો જ સારૂં પરિણામ આપે છે. બસ્તિથી આંતરડામાં સ્ત્રાવનું પ્રમાણ વધી જવાથી ખોરાકનું પાચન સારૂં થાય છે. અને તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. લકવો, સાયટિકા, સોજા, કમરનો દુખાવો, હરસ – મસા, જાતીય રોગો, સ્ત્રી રોગો, વંધ્યત્વ, આંતરડાના ચાંદા વગેરેમાં બસ્તિ ઉપયોગી થાય છે. નીરૂહ, અનુંવાસન, ઉતર બસ્તિ, માત્રા બસ્તિ વગેરે બસ્તિના જુદા – જુદા પ્રકાર છે.

**નસ્ય** :– ગળાની હાસડીથી ઉપરના ભાગના તમામ રોગોને દુર કરવા નાકમાં ઔષધ યુક્ત તેલ – ઘીના ટીપાં પાડવાની કે ચૂર્ણની ફૂક મારવાની ક્રિયાને નસ્ય કહે છે. નાકમાં ચેતાતંતુનાં ઘણા છેડા ખુલતા હોઈ નાકને મગજનું પ્રવેશ દ્વાર કહેવાય છે. નાકમાં નાખેલી દવાની સીધી અસર મગજ ઉપર થાય છે. વળી નાક એ સનતંત્રનું મુખ્ય અંગ હોવાથી સન તંત્રનાં બધા જ રોગોમાં નસ્ય ઉપયોગી છે. નસ્યથી નાકની અંદરની ચામડી પર જામેલ મ્યુકસ દુર થાય છે અને મગજની ચેનલો સાફ થઇ મગજના કોષોને ઉતેજીત કરે છે, પરિણામે સમગ્ર ચેતાતંત્ર ઉપર કાબુ મેળવી શકાય છે, દર્દીના માથા, ચહેરા, ગરદન પર હુંફાળ । તલની માલિશ અને ઔષધિઓના વરાળીયા શેક પછી નસ્ય કરવામાં આવે છે જેથી સ્થાનિક પરિભ્રમણ વધી જવાથી ઔષધની મગજ ઉપર અસર જલ્દી થાય છે. નસ્યથી નાકમાં ગયેલ દવા મગજના જોવાના, સાંભળવાના, સ્વાદ અને ગંધ પારખવાના અને બોલવાના કેન્દ્રો ઉપર અસર કરે છે અને ત્યાંથી આગળ ચેતાતંતુઓમાં જામેલા કફને બહાર કાઢે છે.આ દવા નાકની આંતર ત્વચામાં શોષાઈને છેક કરોડરજ્જુ સુધી પ્રસરી જાય છે, આથી ઈન્દ્રિયોની શક્તિ વધારવા તથા બેભાન વ્યક્તિને ભાનમાં લાવવા નસ્ય ચમત્કારિક પરિણામ આપે છે. માથાનો દુખાવો, આધાશીશી, સાયનસ, આંચકી, કાનની બહેરાશ, અનિંદ્રા, વાળાના રોગો, કંપવાત, તણાવમાં (ડીપ્રેસન) અકસીર છે.


**રક્તમોક્ષણ** :– બગડી ગયેલા લોહીને શરીરમાંથી વિશિષ્ટ યંત્રો કેજળોથી દુર કરવાની ક્રિયાને રક્તમોક્ષણ કહે છે. ત્રિદોષના બગડવાથી ઉત્પન્ન આમ લોહીમાં ભળ વાથી લોહી વિકૃત થાય છે જેનાથી લોહીનું દબાણ વધી જાય છે તથા જુદા – જુદા રક્ત સંબંધી રોગો થાય છે. મહર્ષિ સુશ્રુત એ શોધેલી આ ક્રિયા કદાચ જુનવાણી લાગે પરંતુ એકવાર રક્તમોક્ષણ થઇ જાય પછી દર્દી ઝડપથી સાજો થવા લાગે છે. આ ક્રિયામાં વપરાતી જળો એ પાણીમાં રહેતો એક જીવ છે ટે સામાન્ય રીતે ૨૦ થી ૪૦ એમ. એલ. દોષિત લોહી પીવે છે પછી તેને છૂટી કરી રક્ત કાઢી લઇ છોડી દેવામાં આવે છે. આ સિવાય સીરીંજ અને તુંબડીથી પણ રક્તમોક્ષણ કરવામાં આવે છે. ચામડીના રોગો, સફેદ ડાઘ, શીળ સ, હાઈ બી.પી..એલર્જી વગેરેમાં આ પદ્ધતિ અસરકારક પરિણામ આપે છે.એક સાથે બધા પંચકર્મો કરાવવા ઘણા અઘરા છે. જો કોઈ વ્યક્તિનો રોગ ૫–૧૦ વર્ષ જુનો હોય અને રોગ માત્ર ૧૦ – ૧૫ દિવસની પંચકર્મ સારવારથી સંપૂર્ણ મટી જાય તેવી આશા રાખે તોતે શકય નથી. આ માટે પંચકર્મ સારવાર વારંવાર તથા થાકયા વગર નિયમિત રીતે કરવી પડે છે એ સિવાય મટાડવાનો આગ્રહ ભૂલ ભરેલો છે.વૈજ્ઞાનિક પરીક્ષણોથી સિદ્ધ થયું છે કે ચરબીમાં ઓગાળીને લાંબા સમય સુધી શરીરમાં રહેનારા ૧૪ જેટલા મેજર ટોકિસક અને કર્સિનોજેનિક કેમિકલ્સ, હેવીમેટલ્સ, પેસ્ટીસાઇડ તથા અન્ય હાનિકારક પ્રદુષણજન્ય કેમિકલ્સથી પંચકર્મ શરીરને રક્ષા કવચ પૂરૂં પાડે છે. ટોકિસક તત્વ લીપીડ પેરોકસાઈડનું લેવલ ઘટાડી કોલેસ્ટેરોલનું પ્રમાણ ઘટાડે છે. પ્લેટેલેટની જમાવટનો રેશિયો ઘટાડી લીમ્ફેટીક કન્જેશનને અટકાવે છે અને ડાયસ્ટોલીક પ્રેશરને નોર્મલ કરે છે. રોગો કે વૃદ્ધાવસ્થા તરફ દોરી જતા ફ્રી રેડિકલ્સને ઘટાડી શરીરમાં ઓકિસજનનું આવા – ગમનનું પ્રમાણ વધારે છે. શરીરમાંથી ૭૦% હાનિકારક ઝેરી તત્વોને બહાર કાઢે છે તથા ૮૦% પ્રમાણમાં અન્ય લોકો કરતા રોગ થવાનું કેઈન્ફેકશન લાગવાનુંપ્રમાણ ઘટાડી નાખે છે.પંચકર્મમાં વપરતા ઘી અને તેલમાં લાઈનોલિક એસિડ રહેલું હોય છે. લાઈનોલિક એસિડએ શરીરમાં કોષોની દીવાલનાં મુખ્ય બંધારણીય લિપિડ તરીકે વપરાયેલ હોઈ હાનીકારક તત્વોને ઘી અને તેલમાં ઓગાળીને સરળતાથી બહાર કાઢવામાં મદદ મળે છે. આ ઉપરાંત ચિરયેવન અને ધાતુ પોષણ એ પંચકર્મની બાય પ્રોડકટ છે.

**મર્મ બિંદુ** :– દુનિયાની સૌથી અકસીર દવા છે – જવાબદારી, જે થાકવા જ નથી દેતી


# સૂત્રધાર

# બજેટના આંકડા અને સામાન્ય માણસના આંસુ : અપેક્ષાઓનું વળતર કેટલું

ભારત જેવા વિશાળ લોકશાહી દેશમાં 'બજેટ' એ માત્ર નાણાકીય દસ્તાવેજ નથી, પણ કરોડો લોકોની આશાઓનું પોટલું છે. દર વર્ષે જયારે નાણામંત્રી સંસદમાં બજેટ રજૂ કરે છે, ત્યારે દેશના દરેક ખૂણે બેઠેલો સામાન્ય માણસ પછી તે ખેતરમાં પરસેવો પાડતો ખેડૂત હોય કે એસી કેબિનમાં બેસીને ટાર્ગેટ પૂરા કરતો કોર્પોરેટ યુવાન દરેકની નજર એક જ વાત પર હોય છે : 'આમાં મારા માટે શું છે ?'આ વર્ષનું કેન્દ્રીય બજેટ પણ અપેક્ષાઓના ઘોડાપૂર સાથે આવ્યું.સામાન્ય માણસની ગણતરી સાવ સાદી હોય છે. તેને જીડીપી (જીડીપી)ના આંકડા કે 'રાજકોષીય ખાધ'ના ગણિતમાં બહુ રસ નથી હોતો. તેનો રસ તો એમાં હોય છે કે મહિનાના અંતે તેના ખિસ્સામાં કેટલી બચત રહેશે ?**વરિષ્ઠ નાગરિકો : આજીવન કમાણીની સુરક્ષાની આશા** બજેટમાં વરિષ્ઠ નાગરિકોનો એક મોટો વર્ગ હંમેશા આશા રાખે છે કે તેમની જીવનભરની મૂડી પર વ્યાજના દરો વધે અથવા ટેક્સમાં વધુ મુક્તિ મળે. નિવૃત્તિ પછી જેમની આવકનો સ્ત્રોત માત્ર ફિકસ ડિપોઝિટ (એફડી) કે પેન્શન છે, તેમના માટે વધતી મોંઘવારી એક મોટો પડકાર છે. બજેટમાં સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ (એસસીએસએસ) અને અન્ય બચત યોજનાઓ દ્વારા તેમને સુરક્ષા આપવાની કોશિશ થઈ છે, પરંતુ મોંઘી સ્વાસ્થ્ય સેવાઓ સામે આ રાહત ઘણીવાર ઓછી જણાય છે. દવાઓના ભાવમાં ઘટાડો અને હેલ્થ ઈન્શ્યોરન્સના પ્રીમિયમમાં ટેકસ મુક્તિએ આ વર્ગની પાયાની જરૂરિયાત છે.**મધ્યમ વર્ગ અને યુવા પ્રતિભા** : બજેટમાં ઈન્કમ ટેકસના સ્લેબમાં કરાયેલા ફેરફારથી મધ્યમ વર્ગને ચોક્કસપણે થોડો 'બ્રીધિંગ સ્પેસ' મળ્યો



ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
અમરેલી મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯



છે. નવી નોકરીમાં જોડાતા યુવાનો માટે આ એક સારી શરૂઆત હોઈ શકે છે. જોકે, માત્ર ટેકસ બચાવવો પૂરતો નથી ; યુવાનોએ પોતાની કમાણીનું યોગ્ય આયોજન કરવું પણ એટલું જ અનિવાર્ય છે. સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ ઈન્ડિયા પરના ભારથી રોજગારીની નવી તકો તો ઊભી થશે, પણ તેની ગુણવત્તા અને સ્થિરતા મધ્યમ વર્ગ માટે હંમેશા ચિંતાનો વિષય રહ્યો છે.**સ્વાસ્થ્ય અને શિક્ષણ : ખર્ચાળ વાસ્તવિકતા,**

કોઈપણ પરિવારનું બજેટ ત્યારે ખોરવાય છે જયારે ઘરમાં કોઈ બીમારી આવે અથવા સંતાનના ઉચ્ચ શિક્ષણની ફી ભરવાની હોય. બજેટમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે ફાળવણી વધી છે, પણ સામાન્ય માણસ આજે પણ પ્રાઈવેટ હોસ્પિટલના તોતિંગ બિલ અને શિક્ષણની વધતી મોંઘવારી વચ્ચે પિસાઈ રહ્યો છે. જો આ ક્ષેત્રોમાં સીધી રાહત મળી હોત, તો સામાન્ય માણસનું 'સમાધાન' સાચા અર્થમાં થયું ગણાયું હોત.આ સમગ્ર સ્થિતિ પર મનન કરતા મરીઝ સાહેબના આ શબ્દો સામાન્ય માણસની આશાને સચોટ રીતે રજૂ કરે છે : 'બધી અપેક્ષાઓ પુરી થાય એવું કયાં જરૂરી છે ? થોડી અધૂરી ઈચ્છાઓ જ તો જિંદગી જીવવાનું બહાનું છે.' મરીઝ

બજેટ પછી સામાન્ય માણસ માટે ૫ મહત્વની બચત અને રોકાણ ટીપ્સ બજેટ ભલે ગમે તેવું હોય,પણ તમારી આર્થિક સુરક્ષા તમારા હાથમાં છે. આ ૫ મુદ્દાઓ તમને મદદરૂપ થશે :**૧. નવા ટેકસ રિજીમનો અભ્યાસ** : જો તમારી આવક અને રોકાણો ચોક્કસ મર્યાદામાં હોય, તો નવી ટેકસ સિસ્ટમ તમારા માટે વધુ ફાયદાકારક હોઈ શકે છે. એકવાર ગણતરી ચોક્કસ કરી લેવી.**૨.ઈમરજન્સી ફંડની રચના** : મોંઘવારી ગમે ત્યારે વધી શકે છે. તમારા ઓછામાં ઓછા ૬ મહિનાના ખર્ચ જેટલી રકમ લિકિવડ ફંડ અથવા સેવિંગ્સ એકાઉન્ટમાં અનામત રાખો.**૩. હેલ્થ ઈન્શ્યોરન્સમાં વધારો** : વરિષ્ઠ નાગરિકો અને મધ્યમ વર્ગે પોતાની પૂરતી રકમનો સ્વાસ્થ્ય વીમો લેવો જોઈએ, જેથી હોસ્પિટલનો મોટો ખર્ચ બચતને ગળી ન જાય.**૪. એસ.આઈ.પી. દ્વારા રોકાણ** : બજારની અસ્થિરતા વચ્ચે લાંબા ગાળા માટે મ્યુચ્યુઅલ ફંડમાં એસ.આઈ.પી. શરૂ કરવી એ સંપત્તિ સર્જનનો શ્રેષ્ઠ રસ્તો છે.**૫. બિનજરૂરી ખર્ચ પર કાપ** : બજેટ પછી જે વસ્તુઓ મોંઘી થઈ હોય, તેના વપરાશમાં થોડો સંયમ રાખીને તમે તમારા ઘરનું બજેટ સંતુલિત કરી શકો છો. બજેટના આંકડાઓની માયાજાળ વચ્ચે છેલ્લે તો એ જ મહત્વનું છે કે દેશના સામાન્ય નાગરિકના રસોડામાં શાંતિ હોય અને તેના સંતાનોના ભવિષ્યમાં આશાનો પ્રકાશ હોય. સત્તાના સમી કરણો અને આર્થિક નીતિઓ વચ્ચે જયારે સામાન્ય માણસ મહેનત કરે છે, ત્યારે તેની એક જ પ્રાર્થના હોય છે 'મારા પરસેવાની કિંમત સચવાય અને મારી મહેનતનું ફળ મારા પરિવાર સુધી પહોંચે.

**'તસ્વીર સૌજન્યઃસાર્થક મહેતા'**

# અમરેલી જિલ્લા પંચાયતનાં નવનિયુકત પ્રમુખ સુરેશ પાથરનુ ઠેર-ઠેર સન્માન



અમરેલી જિલ્લા પંચાયતનાં નવનિયુકત પ્રમુખ સુરેશ પાથરનું અમદાવાદ અને સુરત ખાતે સગર સમાજ ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. બાદમાં તેઓએ ગાંધીનગર ખાતે રાજયકક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયાનાં નિવાસસ્થાને વિકાલ લગ્ન ચર્ચા કરી હતી. આ તકે પાલિકાનાં પ્રમુખ વિશાલ કાલેણા, શહેર ભાજપ ઉપપ્રમુખ ધર્મેશ અજાણી સાથે જોડાયા હતા.

## અમરેલીમાં સ્વ. કાંતિભાઈ વ્યાસની પૂણ્યતિથિ નિમિત્તે બહેરા મુંગા શાળાનાં બાળકોને મિષ્ટ ભોજન કરાવ્યું

અમરેલી, તા. ૭

સ્વ. કાંતિભાઈ વ્યાસ નિવૃતિબાદ માલાવરમાંઅનેઆજુબાજુ ગામડામાંબેહજાર પાંચસો ગાયત્રી યજ્ઞ નિઃશુલ્ક કરેલછે. ત્યારે તેમના ધર્મપત્ની ગાંગા સ્વરૂપ કાંતાબેન કે. વ્યાસ (ભાલાવદર વાળા) હાલ અમરેલી જે અરવિંદભાઈ પી. કાનીદાદાનાં સાસુ જે ઓની ઈચ્છા મુજબ સ્વ. કાંતિભાઈ કે. વ્યાસની પુણ્યતિથિ નિમિતે બેરા મુંગા શાળાનાંબાળકોનેભોજન કરાવ્યું. તેમજ ગાયત્રી યજ્ઞ કર્યો. જે શાળાનું સંચાલન રઘુભાઈ ભટ્ટ કરે છે. બાળકોએ સુંદર પ્રાર્થના, શિસ્તબંધ લાઈનમાંબેસીનેકરી. જે બાળકો બેરા મુંગા શાળામાં અભ્યાસ કરીને પોસ્ટમાંઅનેઅન્ય કંપનીમાં જોબ કરે છે તેમને પણ આમંત્રણ આપેલ. રઘુભાઈ ભટ્ટ અને તેમનો સ્ટાફ સુંદર રીતે તેમની ભાષામાં તેમની સાથે વાતચીત કરે છે. ગરીબ બાળકો તેમજ જ્ઞાતિનો બાદ રાખ્યા વગર ઘણા દુરથી ગામડામાંથી અહીંયાઆવેછે. અભ્યાસ પૂર્ણ કરી તેમનું તેમના પરિવારનું સ્વપ્ન સાકાર કરે છે. ત્યારે ઘણા ધાર્મિક લોકો તેમના બાળકોને



જન્મદિવસ તેમજ પૂણ્યતિથિ તેમજ શ્રધ્ધાથમાં બાળકોને ભોજન કરાવે છે. તેમજ બાળકોને ભેટ આપીને આનંદ અનુભવતાં હોય છે. જે સંસ્થાની સુંદર વ્યવસ્થા સંસ્થાના પ્રમુખ તેમજ ટ્રસ્ટીગણ તેમજ ખાસ રઘુભાઈ ભટ્ટ તેમજ તેમના સ્ટાફને ફાળે જાય છે. ત્યારે કોઈપણ આવા કાર્ય કરતાં પહેલા આ સંસ્થાની જરૂર મુલાકાત લેવી. અને રઘુભાઈ ભટ્ટની અચુક મુલાકાત કરવી. તે અરવિંદભાઈ વી. જાનીદાદાની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં નેસડી માર્ગ ઉપર**

સામાન્ય રીતે કોઈપણ રસ્તાનું કામ શરૂ કરતા પહેલા ગટર લાઈન, પાણીની પાઈપલાઈન અને કેબલ નેટવર્કનું આગવું મેનેજમેન્ટ હોવું અનિવાર્ય છે. પરંતુ અહીં સ્થિતિ કંઈક અલગ જ છે. રેતી, મજૂર કે મટિરિયલની અછતના બહાના હેઠળ મહિનાઓ સુધી કામ લંબાવવું એ કેટલે અંશે વ્યાજબી છે ? શું તંત્ર પાસે આટલા નાના કામ માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા (ડેડલાઈન) નથી ?

વેપારીઓ માટે ધંધા રોજગાર શિથિલ હોય 'ખાવું શું ?' એ મોટો પ્રશ્ન. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, રસ્તો બંધ હોવાથી ગ્રાહકોની અવરજવર શૂન્ય જેવી થઈ ગઈ છે. વેપારીઓ સવારે આશા સાથે દુકાને આવે છે, ભગવાનની સેવા–પૂજા અને ધૂપ–દીપ કરે છે, પછી દુકાન વધાવી ઘરે પરત ફરે છે.!! આ દ્રશ્યો વિકાસના માપદંડ નહીં પણ તંત્રની નિષ્ફળતાના પ્રતીક સમાન જ ગણાય. જે વેપારીઓની રોજની આવક પર ઘરનું ગુજરાન ચાલતું હોય, તેમના પરિવારના ભરણપોષણની જવાબદારી કોની ?

'વિકાસનો અર્થ અસાધારણ વિલંબ તો ન જ હોઈ શકે. જો નાનકડા રસ્તાના કામમાં આટલો સમય જતો હોય, તો મોટા પ્રોજેકટસમાં જનતાએ શું અપેક્ષા રાખવી ?'

અગાઉ મેઈન બજારમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી, જેમાંથી બોધપાઠ લઈને આ કામગીરી 'યુદ્ધના ધોરણે' પૂર્ણ કરવાની જરૂર હતી. તેના બદલે કામમાં થતી ઢીલ જનતાની ધીરજની કસોટી કરી રહી છે. સંવેદનશીલ કહેવાતું તંત્ર આ વેપારીઓની વેદના કયારે સાંભળશે ?એવો સવાલ હવે નિરાશ વદને આ વેપારીઓ કરતાં જોવા મળે છે.

સ્થાનિકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તાત્કાલિક દખલ કરે અને અટકેલી કામગીરીને વેગ આપીને વેપારીઓને ફરી બેઠા કરે.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૦ | ૧૪૭૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૬૩ | ૧૦૭૫ |

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં

## લીલીયા મોટા : પુંજાપાદર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું

### આ તકે શહીદવીર મેજર ઋષિકેશ રામાણીની પ્રતિમાનું અનાવરણ પણ કરાયું



લીલીયા, તા. ૭

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામ સમસ્ત પુંજાપાદર ગામ પરિવાર ધ્વારા તારીખ ૭/૨/૨૦૨૬ શનિવાર સવારે ૧૦ કલાકે શહીદવીર મેજર ઋષિકેશ રામાણીની પ્રતિમાનું અનાવરણ વલ્લભભાઈ રામાણીના વરદ્હસ્તે કરવામાં આવેલ. આ તકે એનસીસી (ભાવનગર) આર્મી તેમજ કેડેટ ધ્વારા ગાર્ડ ઓફ ઓનર પરેડ યોજવામાં આવેલ. ત્યારબાદ ૧૦:૩૦ કલાકે નવનિર્મિત વિરાંજલી શોર્ય પાર્ક લોકાર્પણ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલ (લોહપુરૂષ) પ્રતિમાનું અનાવરણ હિંમતભાઈ ધનજીભાઈ રામાણીના વરદ્હસ્તે કરવામાં આવેલ. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, વિઠ્ઠલભાઈ રામાણી, વિનુભાઈ રામાણી, ગોવર્ધનભાઈ રામાણી ખાસ ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન પુંજાપાદર ગામ પરિવાર ધ્વારા કરવામાં આવેલ. આ તકે લીલીયા, પુંજાપાદર, ગોઢાવદરના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૫૩૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૫ | ૧૫૯૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૩૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૪૦ | ૧૯૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૫૦ | ૨૧૭૦ |
| ૬ | તલ કાળા | ૧૫૦૦ | ૩૧૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૯૪૫ | ૨૧૫૦ |
| ૮ | બાજરો | ૬૨૦ | ૬૨૦ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૫૦ |
| ૧૨ | મકાઈ | ૩૩૫ | ૩૫૫ |
| ૧૩ | ચણા | ૮૯૦ | ૧૦૯૦ |
| ૧૪ | તુવેર | ૭૮૦ | ૧૫૭૫ |
| ૧૫ | કપાસ | ૯૨૫ | ૧૬૧૦ |
| ૧૬ | એરંડા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ૧૭ | જીરૂ | ૨૨૧૦ | ૪૨૩૫ |
| ૧૮ | રાય | ૧૧૪૦ | ૧૨૬૦ |
| ૧૯ | ધાણી | ૧૬૦૫ | ૨૦૫૦ |
| ૨૦ | નવા ધાણા | ૧૪૭૦ | ૧૬૦૦ |
| ૨૧ | મેથી | ૬૬૦ | ૮૫૦ |
| ૨૨ | સોયાબીન | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૨૩ | મરચા લાંબા | ૧૪૦૦ | ૬૭૪૦ |
| ૨૪ | કાંગ | ૫૧૦ | ૫૧૦ |
| ૨૫ | નવી ધાણી | ૧૫૨૫ | ૨૧૫૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૮૦ | ૧૪૭૦ |
| ૪ | ચણા | ૯૧૫ | ૧૦૭૫ |
| ૫ | જીરૂ | ૩૧૩૫ | ૪૧૮૫ |
| ૬ | ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| ૭ | તુવેર | ૯૭૦ | ૧૪૫૦ |
| ૮ | ધાણા | ૯૪૫ | ૧૭૭૫ |
| ૯ | તલ સફેદ | ૧૬૨૦ | ૧૮૩૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૬૬ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૨૫ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૪૦૧ |
| ૧૧ | ચણા | ૯૩૦ | ૧૧૨૧ |
| ૧૨ | તુવેર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| ૧૩ | એરંડી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૧૪ | ધાણા | ૧૩૫૦ | ૧૮૫૦ |
| ૧૫ | સોયાબીન | ૯૩૦ | ૧૦૭૧ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૩૩૫ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૩૦ |
| ૩ | ઘઉં | ૪૯૬ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૪૦ | ૧૦૬૦ |
| ૫ | તુવેર | ૧૩૫૦ | ૧૫૯૧ |
| ૬ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૩૫૫ | ૧૩૯૦ |
| ૮ | તલ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૯ | વાલ | ૮૫૬ | ૮૫૬ |
| ૧૦ | લાલ તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૩૧ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૦૪૫ |
| ૫ | ધાણા | ૧૬૦૫ | ૧૭૩૦ |
| ૬ | અડદ | ૯૨૦ | ૯૨૦ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૪૧૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૨૫ |
| ૧૧ | ચણા સફેદ | ૯૪૦ | ૯૪૦ |
| ૧૨ | તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | મગ | ૮૦૦ | ૧૬૦૦ |

### એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૫૪/૨૦૨૬

**અરજદાર :** શ્રી શોભાબેન લક્ષ્મણભાઈ નાકરાણી
રહે. જાળિયા, તા., જિ.અમરેલી.

:: <u>વિરૂધ્ધ</u> ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.દેવરાજીયા, તા., જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામમાં અરજદારશ્રી **શોભાબેન લક્ષ્મણભાઈ નાકરાણી** તેઓના બેન ભાનુ નનુભાઈ વસોયાની જન્મ (૦૧/૦૬/૧૯૬૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૪–૦૨–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૮૦ | ૧૩૫૨ |
| ૨ | કપાસ | ૧૧૪૧ | ૧૬૩૭ |
| ૩ | બાજરો | ૩૩૫ | ૪૨૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૧ | ૫૭૫ |
| ૫ | જુવાર | ૮૬૧ | ૧૧૧૧ |
| ૬ | મગ | ૭૫૦ | ૧૨૦૦ |
| ૭ | અડદ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૮ | તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ૧૦ | સોયાબીન | ૯૦૧ | ૧૦૫૩ |

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી
મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર
આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર
ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

Sheetal
ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
Experience : 1-2 Years
- Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
- Night Billing Executive - 2
Experience : 1-2 Years
- Liasioning Officer - 1
Experience : 1-2 Years (Male)
- Junior Accountant - 1
Experience : 1-2 Years
- Trainer - 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

## ગોકળગાયને પણ શરમ આવે તે રીતે કામગીરીથી સૌ ત્રાહીમામ

# સાવરકુંડલાનાં નેસડી માર્ગ ઉપર નવિનીકરણનાં કાર્યમાં ધીમી ગતિથી વેપાર-ધંધા ઠપ્પ થઈ ગયા

### વાહન વ્યવહાર બંધ હોવાથી ગ્રાહકો ખરીદી માટે આવતા નથી

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેરના નેસડી રોડથી જૈન બોર્ડિંગ તરફ જતો 'કાપેલ ધાર' રસ્તો છેલ્લા ત્રણેક મહિના જેવા સમયથી નવીનીકરણના નામે બંધ હાલતમાં છે. વિકાસની વાતો વચ્ચે આ વિસ્તારના વેપારીઓ માટે આ રસ્તો જાણે આર્થિક પાયમાલીનો માર્ગ બની ગયો છે. ખોદકામ કરીને છોડી દેવાયેલા રસ્તાને કારણે વેપારીઓના ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે.

અનુસંધાન પાના ૬ ઉપર



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૬૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

LG Life's Good.
Thank You India for Making LG Most Trusted Brand
LG celebrates a historic Initial Public Offering (IPO) with never-before offers.
IPO CELEBRATION OFFERS
50% Off + 10% GST Benefits
Scratch & Win Instant Discount ₹9990
15% CASHBACK
0 DOWN PAYMENT
EMI STARTING FROM ₹888
LG BEST Care 20%
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

કપોળ વણીક સમાજના શ્રેષ્ઠી ભામાશાને ૯૦ વર્ષની જીવનયાત્રા સુખરૂપે વીતાવી ૯૧માં વર્ષનાં પ્રારંભે જન્મદિવસની શુભકામનાઓ.....



શ્રી ગજેન્દ્રભાઈ નરોત્તમદાસ દેસાઈ

અમરેલી કપોળ સમાજનાં ઉંમરમાં વરિષ્ઠ પણ તંદુરસ્તીમાં યુવાન સમા અને કપોળ સમાજનાં ભામાશા, અમરેલી કપોળ વિદ્યોત્તેજક ફંડ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અને મુરબ્બી શ્રી ગજેન્દ્રભાઈ નરોત્તમદાસ દેસાઈ (ગીજુકાકા) પોતાની જીવનયાત્રા સુખરૂપ અને સમાજ ઉપયોગીતાથી ૯૦ વર્ષ પૂર્ણ કરેલ હોય, અને ૯૧માં વર્ષમાં પ્રવેશ કરી રહયા હોય, ત્યારે તેમના યુરેનિયમ મહોત્સવ પ્રસંગે, ગીજુકાકાને તેમના જન્મદિવસ નિમિત્તે તેઓ ૧૧૧ વર્ષથી વધુ તંદુરસ્તમય જીવન પસાર કરે અને સમાજની સેવાઓ અવિરત શરૂ રાખે તેવી શુભકામનાઓ.....

સૌજન્ય-સમર્પિત
વિરાટ પ્રોપર્ટીઝ - વાપી | VYO એન્ટરપાઈઝ - વડોદરા | વિરાટ સ્ટેશનરી/ઝેરોક્ષ - વડોદરા
મહેતા એસોસીએટસ્ - વડોદરા-ગાંધીનગર-વાપી | વિહત ઈન્ટરનેશનલ પ્રા.લી. સુરત
શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર દલાલ - મુંબઈ | શ્રી નિતીન ગુણવંતરાય પારેખ - મુંબઈ
શ્રી સંજીવ સી. મહેતા (એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ)

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)